આત્મધર્મ
માસિક : વર્ષ-૧૮ * અંક-૧૧ * જુલાઈ, ૨૦૨૪

## હે જીવ ! હવે આત્મસ્વરૂપની પ્રાપ્તિ કર !

આ રાગ (મોહ, અજ્ઞાન) રૂપ અગ્નિ અનાદિકાળથી હમેશાં સંસારી જીવને બાળી રહ્યો—દુ:ખી કરી રહ્યો છે, તેથી જીવોએ નિશ્ચયરત્નત્રયમય સમતારૂપ અમૃતનું પાન કરવું જોઈએ, જેથી રાગ-દ્વેષ-મોહ-(અજ્ઞાન)નો નાશ થાય. વિષય-કષાયોનું સેવન તું ઘણા કાળથી કરી રહ્યો છે, હવે તેનો ત્યાગ કરી આત્મપદ (મોક્ષ) પ્રાપ્ત કરવું જોઈએ. તું દુ:ખ શા માટે સહન કરે છે? તારું વાસ્તવિક સ્વરૂપ અનંતદર્શન-જ્ઞાન-સુખ અને અનંતવીર્ય છે, તેમાં લીન થવું જોઈએ. તેમ કરવાથી જ સાચું સુખ-મોક્ષ મળી શકે છે, તેથી હે દૌલતરામ!—હે જીવ! હવે આત્મસ્વરૂપની પ્રાપ્તિ કર! ઓળખાણ કર! આ ઉત્તમ અવસર વારંવાર મળતો નથી, તેથી આ અવસર ગુમાવ નહિ. સંસારના મોહનો ત્યાગ કરીને મોક્ષપ્રાપ્તિનો ઉપાય કર!

અહીં વિશેષ એમ સમજવું કે :–જીવ અનાદિકાળથી મિથ્યાત્વરૂપ અગ્નિ અને રાગ-દ્વેષરૂપ પોતાના અપરાધથી જ દુ:ખી થઈ રહ્યો છે, માટે પોતાના સુલટા પુરુષાર્થથી જ સુખી થઈ શકે છે. આવો નિયમ હોવાથી જડકર્મના ઉદયથી કે કોઈ પરના કારણે દુ:ખી થઈ રહ્યો છે અથવા પરવડે જીવને લાભ-નુકશાન થાય છે એમ માનવું તે બરાબર નથી. (છઢાળા)

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● પરમ શુદ્ધ નિશ્ચયનયથી જીવમાં સંવર જ નથી, તેથી સંવરના વિકલ્પ રહિત આત્માનું શુદ્ધભાવપૂર્વક નિરંતર ચિંતવન કરવું જોઈએ. ૪૯.

(શ્રી કુંદકુંદ આચાર્ય, બાર ભાવના, ગાથા-૬૫)

● વ્યવહારનયકર દ્રવ્યકર્મ, નોકર્મકા સંબંધ હોતા હૈ. ઉસસે રહિત ઔર અશુદ્ધ નિશ્ચયનયકર રાગાદિકકા સંબંધ હૈ, ઉસસે ઔર મતિજ્ઞાનાદિ વિભાવગુણોંકે સંબંધસે રહિત ઔર નર-નારકાદિ ચતુર્ગતિરૂપ વિભાવપર્યાયોંસે રહિત ઐસા જો ચિદાનંદ ચિદ્રૂપ એક અખંડસ્વભાવ શુદ્ધાત્મતત્ત્વ હૈ વહી સત્ય હૈ, ઉસીકો પરમાર્થરૂપ સમયસાર કહના ચાહિએ, વહી સબ પ્રકાર આરાધને યોગ્ય હૈ. ૫૦

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૧, ગાથા-૭)

● સિદ્ધ ભગવાનકે સમાન હી નિશ્ચયસે મેરા આત્મા કર્મમલ રહિત શુદ્ધ હૈ, શુદ્ધ સ્વભાવમેં તન્મય હૈ તથા રત્નત્રયસ્વરૂપ હૈ. સંસારકે ભ્રમણસે રહિત હૈ. યહ આત્મા હી વાસ્તવમેં પરમાત્મા હૈ, પરમ વીતરાગ વ નિર્દોષ હૈ. ૫૧.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૭૦૬)

● આ આત્મા કર્મોના બંધનથી સહિત હોવા છતાં કર્મબંધનથી રહિત છે, રાગ-દ્વેષથી મલિન હોવા છતાં નિર્મલ છે અને દેહધારી હોવા છતાં દેહથી રહિત છે, તેથી આચાર્ય કહે છે કે આત્માનું સ્વરૂપ આશ્ચર્યકારી છે. ૫૨.

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ, સદ્‌બોધચંદ્રોદય અધિકાર, શ્લોક-૧૩)

● સિદ્ધાંતમાં કહ્યું છે ‘‘निष्क्रियः शुद्धपारिणामिकः’’ અર્થાત્ શુદ્ધપારિણામિક (ભાવ) નિષ્ક્રિય છે, નિષ્ક્રિયનો શો અર્થ છે ? (શુદ્ધ પારિણામિક ભાવ) બંધના કારણભૂત જે ક્રિયા-રાગાદિ-પરિણતિ, તે-રૂપ નથી અને મોક્ષના કારણભૂત જે ક્રિયા-શુદ્ધભાવનાપરિણતિ, તે-રૂપ પણ નથી. માટે એમ જાણવામાં આવે છે કે શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. શા માટે ? કારણ કે ધ્યાન વિનશ્વર છે (અને શુદ્ધ-પારિણામિકભાવ તો અવિનાશી છે.)૫૩.

(શ્રી જયસેન આચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૩૨૦)

● ‘યહ આત્મા ચિદાનંદમઈ પરમાત્માકે સ્વભાવકે સમાન હૈ’ ઐસી ભાવના કરનેસે કર્મોકા ક્ષય હો જાતા હૈ; જૈસે સિંહકો દેખતે હી હાથિયોંકે સમૂહ ભાગ જાતે હૈં. દૃષ્ટિસે બાહર હો જાતે હૈં. ૫૪. (શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૩૦૯)

વર્ષ–૧૮
અંક–૧૧




વિ. સંવત
૨૦૮૦

JULY
A.D. 2024

## અષાઢ વદ-૧ વીરશાસન જયંતી

આજે દિવ્યધ્વનિનો દિવસ છે. ભગવાન મહાવીર પરમાત્માને કેવળજ્ઞાન તો વૈશાખ સુદ એકમે થયું હતું. ૬૬ દિવસ દિવ્યધ્વનિ બંધ હતી. રાજગૃહીમાં વિપુલાચલ પર્વત ઉપર આ શ્રાવણ વદ એકમ છે આજ, સિદ્ધાંતની શ્રાવણ વદ-૧ છે. પહેલો વદ બેસે પછી સુદ. જ્યારે વિપુલાચલ પર્વત ઉપર પહેલાં પહોરમાં ભગવાનની દેશના નિકળી ત્યારે ગૌતમસ્વામી ગણધરની હાજરી હતી. ૬૬ દિવસ પહેલાં કેમ ન લાવ્યા એવો પ્રશ્ન આવ્યો. ભગવાનની વાણી ન નીકળી ત્યારે ઈન્દ્ર ગૌતમસ્વામીને પહેલાં કેમ ન લાવ્યા? ઈન્દ્ર બ્રાહ્મણનો વેષ પહેરીને જ્યાં ૫૦૦ શિષ્યોને ગૌતમ ભણાવતા હતા ત્યાં ગયા. પહેલી એને કાળલબ્ધિ નહોતી એનો સમય પાક્યો નહોતો. એ વખતે એમ હતું. ૬૬ દિવસ આ થયા ત્યારે ભગવાનની વાણી નિકળવાનો આ સમય હતો અને ગૌતમસ્વામીની ત્યાં હાજરી હતી વિપુલાચલ પર્વત ઉપર. એથી આ ભગવાનની વાણીમાં ભાવશ્રુત નિકળેલ. શાસ્ત્રો નિકળ્યા ભાવશ્રુતરૂપે અને એના સમજનાર ગણધર ભાવશ્રુતરૂપે પરિણમ્યા માટે આ વાણીને પણ ભાવશ્રુત કહેવામાં આવ્યું છે.

એ વાણીમાં પહેલાં દિવ્યધ્વનિ આવી ત્યારે ગણધર થયા એ પણ આજનો દિવસ છે, દિવ્યધ્વનિ નિકળી એ પણ આજ, ગણધર ગૌતમ થયા એ પણ આજ અને અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરી એ પણ આજ. ભગવાનના શ્રીમુખે અર્થરૂપ શાસ્ત્રો નિકળ્યા એના સૂત્રરૂપે ગણધર ગૌતમસ્વામીએ શાસ્ત્રની રચના અંતર્મુહૂર્તમાં બાર અંગ ને ચૌદ પૂર્વ ક્રમસર ત્યાં એક સમયમાં આ બધું થાય પણ ક્રમસર બાર અંગ ને ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં ક્રમસર કરી એ આજનો દિવસ છે. દિવ્યધ્વનિનો દિવસ, ગણધરપદનો દિવસ અને શાસ્ત્રની રચનાનો દિવસ. એ પરંપરા ભગવાનની વાણીમાં આવ્યા શાસ્ત્રો એમાંનું આ શાસ્ત્ર છે શબ્દબ્રહ્મ. ભગવાનને જે ઓમ ધ્વનિ નિકળી એનો આ રચનાનો કાળ આજનો એમાં આવેલું આ શાસ્ત્ર છે નિયમસાર, સમયસાર... ભગવાનની વાણીનો જ અંશ છે.

(નિયમસાર પ્રવચન-૧૧૨, તા. ૧૬-૭-૧૯૭૩)



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




(સમયસાર ગાથા—૩૨૦ જયસેનાચાર્ય ટીકા ઉપર પ્રવચન) (ગતાંકથી આગળ)

## જ્ઞાની એમ જાણે છે કે જગતના બધા જીવો પરમાત્મસ્વરૂપ છે

એવી જ રીતે બંધ અધિકારમાં શ્રી જયસેનાચાર્યદેવ કહે છે કે અજ્ઞાનનો-મિથ્યાત્વનો-રાગ-દ્વેષનો જં બંધ છે તેના વિનાશ અર્થે વિશેષ ભાવના કહીએ છીએ : સ્વાભાવિક શુદ્ધ જ્ઞાનાનંદ તે હું છું. દયા-દાનના વિકલ્પ તો નહીં પણ એક સમયની પર્યાય તે પણ હું નહીં. પર્યાય તો નિર્ણય કરે છે કે સહજ-શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ તે હું છું. હું સ્વાભાવિક શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ છું અને ત્રણકાળના ત્રણલોકના સર્વે જીવો નિર્વિકલ્પ સહજ શુદ્ધ જ્ઞાનનંદ સ્વરૂપ છે. ત્રણલોકમાં સર્વ જીવો એવા છે એમ કોણ ભાવના કરે છે ?—કે જેને સમ્યગ્દર્શનની પર્યાયમાં નિર્વિકલ્પ શુદ્ધ ચીજનો અનુભવ થયો છે, જેને અંતર આનંદના સ્વાદમાં દ્રવ્ય-સ્વભાવનો અનુભવ થયો છે તે એમ જાણે છે કે બધા જીવો આવા છે, ભવી અને અભવી બધા જ જીવો આવા છે. મન-વચન-કાયાના વેપાર રહિત હું છું અને બીજા બધાં જીવો પણ મન-વચન-કાયાના વેપાર રહિત છે.

હું અભેદ છું, નિર્વિકલ્પ છું એમ સમ્યગ્દષ્ટિ પોતાના આત્માને જાણે છે અને એ રીતે બધા જીવોને જાણે છે. નિગોદના જીવો પણ ભગવાન આત્મા છે એમ સમ્યગ્દષ્ટિ ભાવે છે. મન-વચન-કાયાથી કરવું, કરાવવું ને એમ અનુમોદવું કે હું જેવો છું તેવા જ બધા જીવો પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન છે. સમ્યગ્દષ્ટિ જીવ બધા જીવને એવી રીતે જોવે છે. સૂક્ષ્મ નિગોદનાં જીવનું જે દ્રવ્ય છે તે શુદ્ધ ચિદ્ઘન આનંદકંદ છે એમ સમ્યગ્દષ્ટિ જોવે છે.

## સ્વસંવેદનજ્ઞાનથી ગમ્ય આત્મા

નિશ્ચય મોક્ષમાર્ગ છે તે નિર્વિકલ્પ સમાધિ છે. તેનાથી ઉત્પન્ન થયેલ અતીન્દ્રિય આનંદનો અનુભવ જેનું લક્ષણ છે એવું સ્વસંવેદનજ્ઞાન તે જ્ઞાન છે, શાસ્ત્રભણતર તે જ્ઞાન નથી, પણ નિર્વિકાર-સ્વસંવેદનલક્ષણ તે જ્ઞાન છે. સુખાનુભૂતિ માત્ર લક્ષણ

> છોડી શુભાશુભ વચનને, રાગાદિભાવ નિવારીને,
> જે જીવ ધ્યાવે આત્મને, તેને નિયમથી નિયમ છે. ૧૨૦.
>
> પરમાગમ શ્રી નિયમસાર

સ્વસંવેદનજ્ઞાનથી આત્મા જણાય તેવો છે, તે સિવાય જણાય તેવો નથી. નિર્વિકારી-સ્વસંવેદનજ્ઞાનથી જણાય તેવો છે. પણ ભગવાનની વાણીથી જણાય નહીં. ભગવાનની ભક્તિથી જણાય નહીં. આનંદની અનુભૂતિના સ્વસંવેદનજ્ઞાનથી જણાય એવો હું છું અને બધા આત્માઓ પણ એના સ્વસંવેદનજ્ઞાનથી એને જણાય એવા છે.

વીતરાગ સહજ સુખાનુભૂતિમાત્રલક્ષણ સ્વસંવેદનજ્ઞાનથી જણાય એવો આત્મા હું છું, કેવો હું છું ?—કે અનંત જ્ઞાન, અનંત આનંદ આદિ સ્વભાવથી ભરેલો આત્મા હું છું અને બધા ભગવાન આત્મા પણ એવા છે. વળી કેવો છું ?—કે મન-વચન-કાયાના વેપારથી ને દયા-દાન-વ્રત-ભક્તિના ભાવથી હું ભિન્ન છું એમ સમ્યગ્દષ્ટિ જાણે છે. સર્વ વિકલ્પ વિભાવથી રહિત છું. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ વિભાવભાવ છે, તેનાથી રહિત હું છું, સર્વ વિકારી પર્યાયથી શૂન્ય અને મારી અનંત શક્તિથી ભરેલો છું—એમ સમ્યગ્દષ્ટિ પોતાની સમ્યગ્દર્શનની પર્યાયમાં આત્માને જાણે છે, માને છે, અનુભવે છે.

સમકિતીને ઉપશમસમકિત હો, ક્ષયોપશમસમકિત હો કે ક્ષાયિકસમકિત હો પણ જ્ઞાન તો ક્ષયોપશમ છે, ક્ષાયિકજ્ઞાન તો કેવળીને જ હોય, નીચલી ભૂમિકાવાળાને ચોથા-પાંચમાં આદિ ગુણસ્થાનવાળા છદ્મસ્થને તો જ્ઞાન ક્ષયોપશમિક જ હોય છે, તે ક્ષયોપશમજ્ઞાનનું લક્ષણ શું ?—કે નિર્વિકારી આનંદ સહિત જે જ્ઞાન હોય તેને સમકિતનું ક્ષયોપશમજ્ઞાન કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન થતાં, આત્મ-અનુભવ થતાં તેની પર્યાયમાં આખો આત્મા આવતો નથી પણ બધી શક્તિઓ પર્યાયમાં એકદેશ પ્રગટ થાય છે. તારો આત્મા તને શેનાથી જણાય ?—કે આનંદની અનુભૂતિ સહિતના સ્વસંવેદનજ્ઞાનથી આત્મા જણાય એવો છે, જ્યારે અનંત શક્તિઓ એક અંશે પ્રગટ થાય ત્યારે આત્મા જણાય છે.

## ધ્યાતા પુરુષ શું ધ્યાવે છે ?

જેને આત્મા જણાયો છે એવો ધ્યાતા પુરુષ, ધર્મી જીવ કે જેને સ્વસંવેદન આનંદની અનુભૂતિ સહિતનું જ્ઞાન એક અંશે પ્રગટ્યું છે, તે પ્રગટેલી દશાનું ધ્યાન-જ્ઞાની કરતો નથી. અનુભવની જે પર્યાય છે તે એકદેશ પ્રગટ પર્યાયરૂપ છે, છતાં ધ્યાતા પુરુષ ધ્યેયનું ધ્યાન કરનાર પુરુષ તે પ્રગટ પર્યાયનું ધ્યાન કરતો નથી, ધર્મી કોનું ધ્યાન કરે છે ?—ધર્મી જીવને સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટી છે છતાં પ્રગટેલાનું ધ્યાન કરતો નથી, તો કોનું ધ્યાન કરે છે ?—કે એક સમયની પાછળ બિરાજમાન જે સકળ-નિરાવરણ-અખંડ-એક-પ્રતિભાસમય-

કાયાદિ પરદ્રવ્યો વિષે સ્થિરભાવ છોડી આત્મને
ધ્યાવે વિકલ્પવિમુક્ત, કાયોત્સર્ગ છે તે જીવને. ૧૨૧.

અવિનશ્વર-શુદ્ધ-પારિણામિકભાવલક્ષણ-નિજપરમાત્મદ્રવ્યનું ધ્યાન કરે છે. સમ્યગ્દષ્ટિનું ધ્યેય શું ? સમ્યગ્દષ્ટિ ધર્મીનો વિષય શું—કે ત્રિકાળી-આત્મા તે એનો વિષય છે કે જે સકલ-નિરાવરણ-એક અખંડ વસ્તુ છે.

જ્ઞાનીને વર્તમાન પર્યાયમાં અખંડ-એક-પ્રતિભાસમય વસ્તુ છે તે જણાય છે, ભલે મતિ-શ્રુતજ્ઞાન હો પણ તેમાં અખંડ-એક-પ્રતિભાસમય આત્મા પ્રત્યક્ષ જણાય છે. પ્રત્યક્ષ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ વસ્તુ છે તે પર્યાયમાં જણાય જાય છે. એવો જે આત્મા છે તે અવિનશ્વર છે—કોઈ દિવસ નાશ થતો નથી. પર્યાય છે તે બદલે છે પણ વસ્તુ છે તે ત્રિકાળ નિજાનંદ ધ્રુવ વસ્તુ છે. શુદ્ધ-પારિણામિક પરમભાવ જેનું લક્ષણ છે, ત્રિકાળી શુદ્ધ સ્વભાવભાવ જેનું લક્ષણ છે, એવું નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું—એમ ધ્યાતા પુરુષ ધ્યાવે છે. ઉઘડેલી પર્યાય તે હું છું એમ નહીં પણ ઉઘડેલી પર્યાય એમ કહે છે કે આ ત્રિકાળી દ્રવ્ય તે હું છું. સમ્યગ્દર્શનની ઉઘડેલી પર્યાય છે તે એમ કહે છે કે આ ત્રિકાળી તે હું છું, પરંતુ ક્ષયોપશમજ્ઞાન પ્રગટ્યું છે તે હું છું એમ ધ્યાતા પુરુષ ભાવતો નથી. સમ્યગ્દર્શન ને આનંદ સહિત જ્ઞાનની પર્યાય પ્રગટેલી છે તેનું ધ્યાતા પુરુષ ધ્યાન નથી કરતો; હું ખંડ જ્ઞાનરૂપ છું એમ સમ્યગ્દષ્ટિ નથી ભાવતો, પણ પ્રત્યક્ષ પ્રતિભાસમય નિજ પરમાત્મદ્રવ્ય હું છું—એમ જ્ઞાની પુરુષ ધ્યાવે છે.

એ રીતે ભગવાને કહેલાં આગમ અને અધ્યાત્મની સાપેક્ષ આ વાત કરી છે. ધ્રુવ વસ્તુ ત્રિકાળી છે તે નિશ્ચયનયનો વિષય છે અને વર્તમાન દશા ક્ષણિક છે તે પર્યાયનયનો વિષય છે—એમ બે નયની અપેક્ષાએ પરસ્પર વાત કરી છે. નયદ્વૈયના અભિપ્રાયના અવિરોધપૂર્વક કહેવામાં આવ્યું છે. આત્મદ્રવ્ય નિશ્ચયથી શુદ્ધ છે ને પર્યાયમાં ભેદ છે એમ નિશ્ચય ને વ્યવહાર અભિપ્રાયના અવિરોધપૂર્વક આ વાત કહેવામાં આવી છે. પર્યાય તે વ્યવહાર અને ત્રિકાળી તે નિશ્ચય છે—એમ બંને નયના અવિરોધપૂર્વક આ કથન કરવામાં આવ્યું છે તેથી નિર્દોષ, નિર્બાધ છે—એમ વિવેકીઓએ આ રીતે જાણવું.

ભાઈ! આ તો સર્વજ્ઞનો નિર્ગ્રંથમાર્ગ છે. જો તું સ્વાનુભવ વડે મિથ્યાત્વની ગાંઠ ન તોડ તો નિર્ગ્રંથમાર્ગમાં કઈ રીતે આવ્યો? જન્મ-મરણની ગાંઠને જો ન તોડી તો નિર્ગ્રંથમાર્ગમાં જન્મીને તેં શું કર્યું? ભાઈ, આવો અવસર મળ્યો તો એવો ઉદ્યમ કર કે જેથી આ જન્મ-મરણની ગાંઠ તૂટે ને અલ્પકાળમાં મુક્તિ થાય.

**વચનોચ્ચરણક્રિયા તજી, વીતરાગ નિજ પરિણામથી**
**ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી. ૧૨૨.**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૩૪, ગાથા - ૨૯)

**પરની મમતા છોડીને સ્વમાં સમતા કરવાનો અભ્યાસ કર !**

શ્રીમદે પણ એક પત્રમાં આ વાત લીધી છે કે ઉંમરમાં નાના હોય પણ જેનું જ્ઞાન વિશેષ છે તે વૃદ્ધ છે. આ જ વાત જ્ઞાનાર્ણવમાં શુભચંદ્ર આચાર્યે એક શ્લોકમાં લીધી છે કે ખરેખર વૃદ્ધ કોને કહેવા ?—કે જેણે રાગથી ભિન્ન પોતાની ચૈતન્યશક્તિને સંભાળી લીધી છે તે ખરેખર વૃદ્ધ છે.

વૃદ્ધાવસ્થામાં ચાલી ન શકાય, બેસી ન શકાય, આંખેથી દેખાય નહિ, પીડાનો પાર ન હોય પણ જ્ઞાની કહે છે કે હું તેનાથી રહિત અસંગ છું તો હું તે બાળ-વૃદ્ધાદિ અવસ્થાના દુઃખોથી કષ્ટ કેમ પામું ? એ તો જડની દશા છે, મારી ચીજ તો તેનાથી ભિન્ન જ્ઞાનાનંદ છે. શેઠિયાજીનું ભજન છે ને કે ‘‘ગુણીજન જડસુખ છે જી જંજાળ, આનંદઘન આપ છે જી, મારા જ્ઞાન...મારા...જ્ઞાન...’’ પ્રતિકૂળતા મારામાં છે જ નહિ. હું તો શાંતિમાં ઝૂલનારો આનંદઘન આત્મા છું. પ્રતિકૂળતા આવે ત્યારે આત્મા કસોટીએ કસાય છે. પ્રતિકૂળતામાં પણ શાંતિ રાખે કે ‘‘પ્રતિકૂળતા મારામાં છે જ નહિ, હું તો શાંતિનો સાગર છું’’ એમ જ્ઞાની આખા જગતથી જુદા ને જુદા તરતા રહે છે.

બાળ, વૃદ્ધ, મૃત્યુ આદિ અવસ્થા પુદ્‌ગલની છે તેને જડની નહિ માનતાં પોતાની અવસ્થા માનવી તે જ મિથ્યાત્વ છે અને પરની અવસ્થા પરમાં છે અને મારી અવસ્થા મારામાં છે એમ સ્વ-પરનું જ્ઞાયક રહેવું તેનું નામ ધર્મ છે. આ પૂજ્યપાદસ્વામીનો ઈષ્ટ ઉપદેશ છે.

મરણ, રોગ, મુજમાં નહિ, તેથી સદા નિઃશંક;<br>
બાળ, તરુણ નહિ વૃદ્ધ હું એ સબ પુદ્‌ગલ જોગ.

એમ જાણવા છતાં ભાવના કરવાવાળા શિષ્યને સ્વયં પ્રશ્ન ઊઠે છે કે જોકે ભેદભાવનાના બળથી શરીરાદિ બધી ચીજો મેં પરાઈ માની છે તોપણ લાંબાકાળથી અભેદ સંસ્કારના વશથી પશ્ચાત્તાપ પણ થાય છે કે અરે ! મેં આ ચીજોને કેમ છોડી દીધી ? આમ

સંયમ, નિયમ ને તપ થકી, વળી ધર્મ-શુક્લધ્યાનથી,<br>
ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી. ૧૨૩.

પ્રશ્ન ઊઠે છે પણ તેનું પોતે જ સમાધાન કરે છે કે મોહથી મેં વારંવાર સમસ્ત પુદ્ગલોને ભોગવ્યાં અને છોડ્યાં તો હવે એ એંઠની ચાહના શા માટે કરું ? અર્થાત્ હવે મને તે પદાર્થોની ઈચ્છા જ નથી.

भुक्तोज्झिता मुहुर्मोहान्मया सर्वेऽपि पुद्गलाः ।
उच्छि`ेष्विव तेष्वद्य मम विज्ञस्य का स्पृहा ।।३०।।

મોહે ભોગવી પુદ્ગલો, કર્યો સર્વનો ત્યાગ,
મુજ જ્ઞાનીને ક્યાં હવે, એ એંઠોમાં રાગ ? ૩૦.

શ્રીમદ્ કહે છે ને કે "સર્વ જગત છે એંઠવત, અથવા સ્વપ્ન સમાન તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન."

ભગવાન સચ્ચિદાનંદ મહાપ્રભુ છે પણ તેના અજ્ઞાનમાં આ જીવે પર પદાર્થમાં મોહથી દરેક ચીજને કેટલી વાર ભોગવી અને છોડી. લક્ષ્મી, આબરૂ, સ્ત્રીનું શરીર આદિ બધાંને અનંતવાર ભોગાવ્યાં એટલે કે તેના પ્રત્યે રાગ કર્યો અને છોડ્યો. હવે તે ભોગવેલા પદાર્થની એંઠ માટે શી ચાહના ? એ તો કૂતરાનું કાર્ય છે.

જેમ સડક ઉપર માણસ ચાલ્યો જતો હોય, રસ્તામાં અનેક વૃક્ષોની છાયા આવે પણ તેમાં પસાર થનારો માણસ તો પોતે એક જ છે તેમ આત્મા અનાદિ-અનંત શાશ્વત છે, તેમાં અનેક શરીરોની છાયા આવે છે ને જાય છે પણ આત્મા પોતે તો એક શાશ્વત બિરાજમાન છે. આમ, અનેક શરીરનો ભોગવટો મેં અનંતવાર કર્યો અને છોડ્યો છે તો એવા એંઠની-પદાર્થની ચાહના શું કરવી ?

જ્ઞાનીની એવી ભાવના ઉપરથી સૂક્ષ્મ વાત એ નીકળે છે કે શરીરમાં ક્યાંય પણ મીઠાશ લાગવી તે મૂઢની માન્યતા છે. શરીરમાં દુઃખ-પ્રતિકૂળતા આવતાં મને દુઃખ થયું એ મિથ્યાદૃષ્ટિની માન્યતા છે.

જે જ્ઞાની પોતાના અનાકુળ આનંદની નિરંતર ચાહના કરે છે—ભાવના કરે છે અને આનંદનો અનુભવ કરે છે તેવા જ્ઞાનીને શરીર અને ભોગની ભાવના કેમ હોઈ શકે ? ૯૬૦૦૦ રાણીઓના ભોગમાં પડેલા સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તીને પણ તે શરીર અને ભોગની ચાહના નથી, અંદરથી જ રુચિનો અભાવ થઈ ગયો છે. જેમ લાકડી વાગવાથી ભાંગેલી

વનવાસ વા તનક્લેશરૂપ ઉપવાસ વિધવિધ શું કરે?
રે! મૌન વા પઠનાદિ શું કરે સામ્યવિરહિત શ્રમણને? ૧૨૪.

કમરે બિલાડી લૂલી ચાલે છે તેમ ધર્મીને શરીર, રાગ અને આત્મા વચ્ચે ભેદજ્ઞાનની લાકડી પડી છે તેથી હવે જે કોઈ રાગ બાકી છે તે બધા મંદ પડી ગયા છે. રાગનો રાગ હોતો નથી. એક આત્માના જ્ઞાનાનંદની ભાવના છે તેને જ સમ્યગ્દષ્ટિ કહેવાય છે.

સમ્યગ્દષ્ટિને બહારથી ત્યાગ દેખાતો નથી પણ અંતરથી ભોગનો ત્યાગ થઈ ગયો છે. જ્યારે મિથ્યાદષ્ટિ ત્યાગી, મુનિ હોય, બહારથી બધો ત્યાગ હોય પણ અંતરમાં દેહાદિ સંયોગ મારા છે ને રાગથી મને લાભ છે એવી બુદ્ધિ પડી છે તે ભોગી જ છે. સમ્યગ્દષ્ટિએ તો દેહ અને રાગથી ભિન્ન પોતાનો આત્મા જાણી લીધો છે. તેથી ૯૬૦૦૦ રાણીનો ભોગ હોવા છતાં તે ભોગી નથી કારણ કે તે ભોગની વાંછાથી રહિત છે.

અનાદિકાળથી મેં સંસારી જીવે જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યકંદનો આશ્રય ન લેતાં અવિદ્યાના આવેશને વશ થઈ સમસ્ત પુદ્‌ગલને ભોગવ્યાં અને છોડ્યાં છે તો હવે તે નાકના મેલ સમાન એંઠને ભોગવવાની ભાવના કેમ હોય ? જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યનો આશ્રય લેતાં હવે તે ઉચ્છિષ્ટ ભોગોની ભાવના મને નથી...નથી...ને નથી.

હે ભાઈ ! જો તું આત્માર્થી હો તો તારે પરની મમતા છોડી સ્વમાં સમતા કરવાનો અભ્યાસ કરવો જોઈએ. તારો એ અભ્યાસ એ જ ધર્મ છે. બાકી બહારની ક્રિયા કે દુનિયાને સમજાવવાથી કદી ધર્મ નથી.

પરનો એક રજકણ તો મારો નથી પણ રાગની સાથે પણ મારે તાદાત્મ્ય સંબંધ નથી—એવી દૃષ્ટિવાળા ધર્માત્માને છોડેલી ચીજને ફરી ગ્રહવાની ભાવના હોતી નથી. તેને તો એક જ ભાવના ચૈતન્યમાં એકાગ્ર થવાની હોય છે. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૨૪ થી ચાલુ) (જૈનદર્શનના શાસ્ત્રોના.....)

અસ્તિ-નાસ્તિરૂપ અનેકાંતના મર્મને સમજીને જો અર્થ કરે તો શાસ્ત્રરૂપી સમુદ્રનો પાર પામી જાય—શાસ્ત્રના ગમે તે કથનમાં મૂંઝાય નહિ. અને જો અનેકાંતના સાચા મર્મને જાણે નહિ તથા એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં કાંઈ કરે ઈત્યાદિ પ્રકારે પક્ષ રાખીને શાસ્ત્ર વાંચે તો તે શાસ્ત્રના અનેક વિવક્ષાઓના કથનને ઉકેલી શકશે નહિ, તે શાસ્ત્રના કથનને જ પકડીને ત્યાં જ મુંઝાઈ જશે—એટલે કે તેનું જ્ઞાન મિથ્યા રહેશે, તે શાસ્ત્રમાં કહેલા જ્ઞાનીઓના આશયને સમજી શકશે નહિ.

**સાવદ્યવિરત, ત્રિગુપ્ત છે, ઇન્દ્રિયસમૂહ નિરુદ્ધ છે,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૫.**



# અધ્યાત્મ સંદેશ

(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## નિશ્ચયસમ્યક્ત્વથી જ મોક્ષમાર્ગની શરૂઆત છે
## નિશ્ચયસમ્યક્ત્વ વગર જીવ સમ્યગ્દષ્ટિ કહેવાય નહિ

''વળી જેને સ્વ–પરનું યથાર્થ શ્રદ્ધાન નથી, પણ જૈનમતમાં કહેલા દેવ–ગુરુ ને ધર્મ એ ત્રણને માને છે તથા અન્યમતમાં કહેલાં દેવાદિ વા તત્ત્વાદિને માને નહિ, તો એવા કેવળ વ્યવહાર સમ્યક્ત્વ વડે તે સમ્યક્ત્વી નામને પામે નહિ. માટે સ્વ–પર ભેદવિજ્ઞાનપૂર્વક જે તત્ત્વાર્થશ્રદ્ધાન હોય તે સમ્યક્ત્વ જાણવું.'' (પાનું ૩૪૩)

વાહ જુઓ, નિશ્ચય–વ્યવહારની કેવી સ્પષ્ટ વાત છે! યથાર્થ શ્રદ્ધાનથી નિશ્ચયસમ્યક્ત્વ થાય ત્યારે જ જીવ સમ્યક્ત્વી થાય છે. નિશ્ચય સમ્યક્ત્વ જ મોક્ષમાર્ગરૂપ છે, વ્યવહાર સમ્યક્ત્વ તો શુભ–આસ્રવરૂપ છે, એ કાંઈ મોક્ષમાર્ગસ્વરૂપ નથી. સિદ્ધાન્તમાં 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' એમ કહ્યું છે તેમાં નિશ્ચય સમ્યગ્દર્શનની વાત છે. 'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्' એ નિશ્ચય સમ્યગ્દર્શન છે. ભૂતાર્થને આશ્રિત સમ્યગ્દર્શન કહ્યું (સમયસાર ગા. ૧૧) તેમાં અને આ સમ્યગ્દર્શનમાં કાંઈ ફેર નથી. આવું સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાને પ્રગટે છે તે ઠેઠ સિદ્ધદશામાં પણ રહે છે. શુભરાગરૂપ વ્યવહારસમ્યગ્દર્શન કાંઈ સિદ્ધદશામાં હોતું નથી. આ રીતે નિશ્ચય સમ્યગ્દર્શન તે જ મોક્ષમાર્ગરૂપ છે. ચોથા ગુણસ્થાનથી જ બધાય જીવોને આવું નિશ્ચય સમ્યક્ત્વ હોય છે. આવા નિશ્ચયસમ્યક્ત્વ વગર ધર્મની કે મોક્ષમાર્ગની શરૂઆત પણ હોઈ શકતી નથી.

આત્મવસ્તુનો જેવો સ્વભાવ છે તે જ પ્રમાણે શ્રદ્ધામાં લેવો તે સમ્યક્ત્વ છે, ને તે વસ્તુનો ભાવ છે એટલે કે નિશ્ચય છે. આવા નિશ્ચયસમ્યક્ત્વની ભૂમિકામાં ધર્મીને વીતરાગી દેવ–શાસ્ત્ર–ગુરુની ઓળખાણ, ભક્તિ, તેમના પ્રત્યે ઉત્સાહ, પ્રમોદ, બહુમાન અને વિનય આવે છે. પણ આથી કરીને કોઈ જીવ એવા એકલા વ્યવહારમાં જ સંતુષ્ટ થઈ જાય ને નિશ્ચયસમ્યક્ત્વને ભૂલી જાય તો એને સમ્યગ્દષ્ટિ કહેતા નથી. જો વ્યવહારની સાથે ને સાથે જ નિશ્ચયસમ્યક્ત્વ(શુદ્ધાત્માની નિર્વિકલ્પ પ્રતીત) હોય–('બંને

**સ્થાવર અને ત્રસ સર્વ ભૂતસમૂહમાં સમભાવ છે,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૬.**

સાથ રહેલ’) તો જ એનો વ્યવહાર સાચો છે, નહિતર તો વ્યવહારાભાસ છે. નિશ્ચયશ્રદ્ધા તો છે નહિ ને એકલા વ્યવહારના શુભરાગમાં સંતુષ્ટ થઈ જાય છે એટલે તે રાગને જ મોક્ષમાર્ગ માન્યા વગર રહેશે નહિ, તેથી તેની શ્રદ્ધા મિથ્યા જ છે. આ રીતે વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ છે જ નહિ. નિશ્ચયસમ્યક્ત્વાદિના આશ્રયે જ મોક્ષમાર્ગ છે. અથવા જે નિશ્ચયસમ્યક્ત્વાદિ છે તે જ મોક્ષમાર્ગ છે. વ્યવહાર–સમ્યક્ત્વાદિ શુભરાગરૂપ છે તે મોક્ષમાર્ગ નથી.

અરે ભાઈ, મોક્ષમાર્ગ તો વસ્તુના સ્વભાવની જાતનો હોય કે એનાથી વિરુદ્ધ હોય? નિશ્ચય–સમ્યક્ત્વનો જે ભાવ છે તે તો વસ્તુસ્વભાવની જ જાતનો છે ને સિદ્ધદશામાંય તે ભાવ રહે છે. વ્યવહાર–સમ્યક્ત્વનો જે (રાગ) ભાવ છે તે વસ્તુસ્વભાવની જાતનો નથી પણ વિરુદ્ધ ભાવ છે, સિદ્ધદશામાં તે ભાવ રહેતો નથી. આવી સ્પષ્ટ અને સીધી વાત, જિજ્ઞાસુ થઈને સમજે તો તરત સમજાય તેવી છે. પણ જેને સમજવું ન હોય ને વાદવિવાદ કરવા હોય તે તો આવી સ્પષ્ટ વાતમાં પણ કંઈક ને કંઈક કુતર્ક કરશે. શું થાય? કોઈ બીજાને પરાણે સમજાવી શકે તેમ નથી.

‘तत्त्वार्थश्रद्धान ને સમ્યક્ત્વ કહ્યું છે; ‘तत्त्व’ એટલે જે વસ્તુનો જેવો ‘ભાવ’ હોય તેવો જાણવો જોઈએ, તો જ તે વસ્તુને સાચી રીતે માની કહેવાય. જીવમાં જ્ઞાનાદિ અનંત સ્વભાવો છે તે જીવનો ‘ભાવ’ છે; આ અનંત શક્તિરૂપ ભાવને ભૂલીને એક ક્ષણિક વિકાર ભાવ જેટલી જ જીવની કિંમત આંકે, તો તેણે ખરેખર જીવના ‘ભાવ’ને જાણ્યો નથી. રાગથી લાભ માનનાર ખરેખર તો તે રાગ જેટલી જ જીવની કિંમત માની રહ્યો છે; ‘આ રાગ વડે મને જીવનો સ્વભાવ મળી જશે’ એનો અર્થ એ થયો કે જીવના સ્વભાવની કિંમત રાગ જેટલી જ તેણે માની. તે પોતાના શુદ્ધ સ્વભાવને, પોતાના સમ્યક્ ભાવને, પોતાના સ્વભાવની સાચી કિંમતને જાણતો નથી, એટલે બહારના પદાર્થોને કે વિકારી ભાવને કિંમત આપે છે ને પોતાને કિંમત વગરનો વિકારી કલ્પે છે, તેથી તેની શ્રદ્ધા ‘સમ્યક્’ નથી પણ મિથ્યા છે;–ભલે તે શુદ્ધ જૈનના દેવ–ગુરુ–શાસ્ત્રને શુભરાગથી માનતો હોય ને કુદેવાદિને માનતો ન હોય–તોપણ એટલાથી તેનું મિથ્યાત્વ છૂટતું નથી. ભાઈ, તારી અચિંત્ય કિંમત છે, જગતમાં મોંઘામાં મોંઘું ચૈતન્યરત્ન તું જ છો, તારી વસ્તુમાં પ્રવેશીને તારા સાચા ભાવને–સાચા સ્વરૂપને તું જાણ તો જ તને સમ્યક્ત્વ થાય ને તારું મિથ્યાત્વ ટળે. સ્વ–પરનું ભેદજ્ઞાન ત્યારે જ સાચું કહેવાય કે જો શુદ્ધાત્માનું

**સંયમ, નિયમ ને તપ વિષે આત્મા સમીપ છે જેહને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૭.**

શ્રદ્ધાન ભેગું હોય; દેવ–ગુરુની ઓળખાણ ત્યારે જ સાચી કહેવાય કે જો શુદ્ધાત્માનું શ્રદ્ધાન ભેગું હોય. નવતત્ત્વની શ્રદ્ધા ત્યારે જ સમ્યક્ કહેવાય કે જ્યારે ભૂતાર્થસ્વભાવની સન્મુખ થઈને શુદ્ધાત્માનું શ્રદ્ધાન કરે. એકલા વ્યવહારથી એ બધું કર્યા કરે ને જો શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ ન કરે તો તે જીવને સમ્યગ્દષ્ટિ કહેતા નથી. માટે શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ જે નિશ્ચય–સમ્યક્ત્વ છે તે જ ખરું સમ્યક્ત્વ છે, ને તે જ મોક્ષમાર્ગ છે–એમ જાણવું.

અંતરમાં પોતાના શુદ્ધ સ્વભાવને અવલંબીને જે પ્રતીત થઈ, તે સમ્યક્ પ્રતીતનો ભાવ સ્વભાવમાંથી આવ્યો છે, તે પ્રતીત સ્વભાવની જાતની છે. સિદ્ધ ભગવાનની પ્રતીત, અને નાનામાં નાના એટલે કે ચોથા ગુણસ્થાનવાળા સમકિતીની પ્રતીત, એ બંનેની પ્રતીતમાં કાંઈ ફેર ગણવામાં આવ્યો નથી; જેવો શુદ્ધાત્મા સિદ્ધપ્રભુની પ્રતીતમાં છે તેવો જ શુદ્ધઆત્મા સમકિતીની પ્રતીતમાં છે. બહારના આશ્રયે થયેલો વ્યવહાર-શ્રદ્ધાનો ભાવ કાંઈ બધા જીવોને એકસરખો નથી હોતો. પણ આથી એમ ન સમજવું કે એ ભાવ ગમે તેવો (વિપરીત પણ) હોય. નવતત્ત્વને જે વિપરીત માનતો હોય, દેવ–ગુરુ–શાસ્ત્રને અન્યથા માનતો હોય, સર્વજ્ઞતા વગેરેને માનતો ન હોય, એવા જીવને તો વ્યવહારશ્રદ્ધા પણ વિપરીત છે. જેને નવતત્ત્વની, દેવ–ગુરુ–શાસ્ત્રની કે સ્વ–પરની ભિન્નતાની ઓળખાણ નથી તેને તો શુદ્ધાત્માનું શ્રદ્ધાન બહુ આઘું છે. અહીં તો એ બધા ઉપરાંત આગળની વાત બતાવવી છે કે એ બધું કરવા છતાં જો શુદ્ધાત્માની નિર્વિકલ્પ પ્રતીતિ કરે તો જ સમ્યગ્દષ્ટિ થાય, એના વગર સમ્યગ્દષ્ટિ કહેવાય નહિ.

'શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ આવું નિશ્ચય સમ્યગ્દર્શન તો સાતમા ગુણસ્થાને હોય, છઠ્ઠે–પાંચમે–ચોથે નિશ્ચય સમ્યગ્દર્શન ન હોય'–આમ કોઈ કહે તો એનો અર્થ એ થયો કે ત્યાં મોક્ષમાર્ગ જ ન હોય. અરે, ભાઈ! એ તો માર્ગની ઘણી વિપરીતતા છે. ચોથે–પાંચમે–છઠ્ઠે નિશ્ચય વગર એકલા વ્યવહારથી જ જો તું મોક્ષમાર્ગ માની લેતો હો તો એને તો આચાર્ય ભગવાને 'વ્યવહારમૂઢતા' કીધી છે. નિશ્ચય વગરના કેવળ વ્યવહારને મોક્ષમાર્ગમાં ગણતા નથી. મોક્ષમાર્ગમાં જે સમ્યગ્દર્શન કહ્યું છે તે શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ નિશ્ચય, સમ્યક્ત્વ છે, અને એવું નિશ્ચય–સમ્યક્ત્વ ચોથા ગુણસ્થાને પણ નિયમથી હોય છે, એટલે ત્યાં એકદેશ–મોક્ષમાર્ગ પણ ગણવામાં આવે છે. આવું સમ્યક્ત્વનું સાચું સ્વરૂપ પણ ન ઓળખે ને તેમાં ગોટા વાળે તેણે તો મોક્ષમાર્ગનું ખરું સ્વરૂપ જાણ્યું નથી. મોક્ષમાર્ગનું ખરું સ્વરૂપ સમજે પણ નહિ તો તેને સાધે ક્યાંથી? તેથી અહીં પહેલાં જ મોક્ષમાર્ગના નિશ્ચય–સમ્યક્ત્વનું સ્વરૂપ કહ્યું. આટલી સમ્યક્ત્વની વાત કરીને હવે તેની સાથેના સમ્યગ્જ્ઞાનની વાત કરે છે. (ક્રમશઃ) ❊



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

પ્રથમ સમ્યગ્દર્શનને સમજો, ત્યારપછી વિશેષ સ્થિરતા થતાં પડિમા આદિ હોય છે. સમ્યગ્દર્શન વિના વ્રતાદિ હોય નહિ. આત્માની અંતરસ્થિરતા તે બ્રહ્મચર્ય છે. બ્રહ્મ એટલે આત્મા, તેનું ભાન થયા પછી વિશેષ આનંદ આવે છે—તેને બ્રહ્મચર્ય કહે છે. કાયાથી બાહ્ય બ્રહ્મચર્ય પાળે તે શુભ છે. અભવીને પણ તેવું બ્રહ્મચર્ય હોય છે પણ તેમાં કાંઈ વિશેષતા નથી.

અહીં પર્યાયસત્તાની વાત ચાલે છે. જ્ઞાનપર્યાય પોતાની છે માટે નિશ્ચય છે, રાગની પર્યાય તે ખરેખર પોતાની નથી.

અહીં ચારિત્રપર્યાયના ગુણદોષની વાત નથી, જે જે તીવ્રતા-મંદતા હોય તેને જ્ઞાન જાણે છે. આ જાણવા યોગ્ય છે એમ જ્ઞાન જાણે છે. "જ્ઞાતું યોગ્યં જ્ઞેયં."

અહીં કોઈ પ્રશ્ન કરે કે—વિપરીત પ્રરૂપણા કરનાર પ્રત્યે તલાકપણું ન આવે તો તે મિથ્યાદૃષ્ટિ છે—એવું કથન આવે છે. તેનું શું સમજવું? સત્તાસ્વરૂપમાં કહે છે કે—જે સાચો જૈન હશે તે તો પ્રયોજનભૂત રકમમાં અન્ય દ્વારા બાધા સર્વથા આવવા દેશે નહિ, તથા બાધા જોઈને પોતાને તલાક (એમ નહિ એવો નકાર) ન આવે તો તે જૈનાભાસી-મિથ્યાદૃષ્ટિ જ છે. આનો શો અર્થ?

સમાધાન :—જે વિકલ્પ ઊઠે છે તે ચારિત્રગુણની પર્યાયનો દોષ છે. જ્ઞાનમાં હેય-ઉપાદેયપણું નથી. જ્ઞાને તે પ્રકારના જ્ઞેયને જાણ્યું છે. વિપરીત વાત જાણી માટે સાધકને તલાકપણાનો રાગ આવ્યો છે એમ નથી, પણ સાધકદશામાં પૂર્ણ વીતરાગતા નથી માટે રાગ આવે છે. મિથ્યાદૃષ્ટિની વાત સાચી નથી—એવો વિકલ્પ સાધકદશામાં આવ્યા વિના રહેતો નથી. સામો જીવ ખોટી પ્રરૂપણા કરે છે, માટે તલાકપણાનો રાગ આવે છે—એમ નથી, જ્ઞાને જાણ્યું માટે રાગ આવે છે, એમ પણ નથી. પણ પોતાની ચારિત્રની પર્યાયનો દોષ છે એટલે તલાકપણાનો વિકલ્પ આવે છે.

**નહિ રાગ અથવા દ્વેષરૂપ વિકાર જન્મે જેહને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૮.**

શાસ્ત્રમાં અનેક પ્રકારનાં લખાણ આવે—શબ્દાર્થ, આગમાર્થ, ભાવાર્થ, નયાર્થ, મતાર્થ, વગેરેનું જ્ઞાન કરવું જોઈએ. જ્ઞાનમાં પર્યાયસત્તા જણાય છે. પરની સત્તાને જાણવી તે વ્યવહાર છે. ચારિત્રગુણની પર્યાયને જાણવી તે વ્યવહાર છે. અખંડ સ્વભાવને જાણવો તે નિશ્ચય છે.

સાધક જીવને રાગ આવે છે. સ્વ-પરપ્રકાશક જ્ઞાનસ્વભાવ છે, માટે રાગ થયો છે એમ નથી, રાગ થયો માટે જ્ઞાન પ્રગટ્યું એમ પણ નથી. પોતાને જાણતાં પર તથા રાગને વ્યવહારે જાણે છે. રાગ આ કાળે આવો કેમ છે તેવો પ્રશ્ન રહ્યો નહિ ને રાગ સારો ને નરસો એમ પણ રહ્યું નહિ. આમ રાગથી જ્ઞાન જુદું પડતાં જ્ઞાનપર્યાય આત્મા સાથે અભેદ થાય છે એ ધર્મ છે.

જ્ઞાન જ્ઞાનસત્તાને જાણે છે. જ્ઞાન પોતે જ્ઞાતા અને જ્ઞેય બંને છે. વળી જ્ઞાન દર્શનસત્તાને જાણે છે. દર્શન એટલે દેખવું. મારામાં દેખવાનો ગુણ છે—એમ જ્ઞાન જાણે છે. એવી રીતે સ્વચ્છત્વ, વિભુત્વ, પ્રભુત્વ વગેરે અનંતા ગુણો છે તેને જ્ઞાન જાણે છે. અનંતા ગુણને જેમ છે તેમ જ્ઞાન જાણે છે. દરેક ગુણ ભિન્ન-ભિન્ન છે. એમ જ્ઞાન જાણે છે, પણ તેમાં પ્રદેશભેદ નથી. જ્ઞાન અમુક જગ્યાએ રહે ને દર્શન અમુક જગ્યાએ રહે—એવો ભેદ નથી. બધા ગુણો અસંખ્યપ્રદેશમાં વ્યાપક છે, માટે પૃથક્ત્વ ભેદ નથી, છતાં અન્યત્વ ભેદ છે. જ્ઞાનગુણ તે દર્શનગુણ નથી, આનંદ તે આનંદ છે. દર્શન તે દર્શન છે—એમ દરેક ગુણને ભિન્ન ભિન્ન જાણવા તે જ્ઞાનનું કાર્ય છે.

આત્મદ્રવ્યની સત્તા, ગુણની સત્તા અને પર્યાયની સત્તાને જેમ છે તેમ જાણવી તે ધર્મ છે. જ્ઞાનમાં જણાવા લાયક તે જ્ઞેય છે. જેવું જ્ઞેય છે તેવું જ્ઞાન જાણે ને જ્ઞેયનું જેવું સ્વરૂપ છે તેવું જ્ઞાનમાં જણાય.

આત્મામાં અનંત ગુણો છે. દરેક ગુણ બીજાથી અન્યત્વ-ભેદરૂપ છે. દરેક ગુણ ક્ષેત્રથી પૃથક્ નથી પણ સ્વભાવથી પૃથક્ છે—એમ જ્ઞાન જાણે છે. જ્ઞાન જ્ઞાનને જાણે છે, દર્શન અને ચારિત્રને પણ જાણે છે. દરેક ગુણનો પરિણમનસ્વભાવ જુદો-જુદો છે—એમ જ્ઞાન જાણે છે. સમ્યગ્દર્શન પ્રગટ થયું તો પછી જ્ઞાન કેવળજ્ઞાનરૂપે કેમ ન થયું? ને ચારિત્ર પૂર્ણ કેમ ન થયું? એ પ્રશ્ન રહેતો નથી. દરેક ગુણનું પરિણમન સ્વતંત્ર છે એમ જ્ઞાન જાણે છે. કોઈ ધર્મીને અવધિજ્ઞાન થઈ જાય—એટલે કે ત્રણ જ્ઞાન પ્રગટે પણ ચારિત્ર

જે નિત્ય વર્જે આર્ત તેમ જ રૌદ્ર બન્ને ધ્યાનને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૯.

પ્રગટે નહિ ને છઠ્ઠા ગુણસ્થાને મુનિને મતિ-શ્રુત બે જ્ઞાન હોય ને મુનિનું ચારિત્ર હોય છે,—એમ કેમ? એવું આશ્ચર્ય જ્ઞાનમાં નથી, કોઈ કરોડો વર્ષ સુધી મુનિપણું પાળે ને કેવળજ્ઞાન ન પ્રગટે તેને પણ જ્ઞાન જાણે છે. ગુણસ્થાનોમાં રહેલી શુદ્ધતા, અશુદ્ધતા કે અપૂર્ણતા, નિમિત્તરૂપે કર્મ વગેરે જે જે પ્રકાર હોય તેને જ્ઞાન જાણે છે. રાગનો ઉત્પાદ કે વ્યય વગેરેને જ્ઞાન જેમ છે તેમ જાણે છે.

વળી આત્મામાં અનંતા ગુણોનું પૂર અથવા પ્રવાહ છે. તેને જ્ઞાન જાણે છે. એમાંથી એક ગુણ અથવા એક પર્યાય ઓછી જાણે તો તેણે જ્ઞાનસ્વભાવ જાણ્યો નથી ને જ્ઞેયસ્વભાવ પણ જાણ્યો નથી. સાચા જ્ઞાન વિના શાંતિ થતી નથી.

કોઈ જીવ ભગવાનના સમવસરણમાં જાય છતાં તેને સમ્યગ્દર્શન ન થાય ને કોઈ જીવ મુનિ પાસે જાય ને અલ્પ સમયમાં સમ્યગ્દર્શન પામે તો આમ કેમ? એવો પ્રશ્ન જ્ઞાનમાં નથી, તે—તે પ્રકારનો જ્ઞેયનો સ્વભાવ છે. તેને જ્ઞાન જાણે છે. આમ ભૂત, વર્તમાન ને ભવિષ્યની પર્યાય તે જ્ઞાનનો વિષય છે.

પ્રથમ પોતાની વાત કરી હતી, પછી પર પદાર્થોની વાત કરી. જીવ તથા અજીવ દ્રવ્ય ને તેની સાત પર્યાયો—એમ ત્રણે કાળના નવ પદાર્થોને જેમ છે તેમ જ્ઞાન જાણે છે. અજીવ પદાર્થને જ્ઞાન જાણે, અજીવથી રાગ થાય એમ માને તો નવપદાર્થ રહેતા નથી. કર્મ અજીવ છે, રાગ અથવા પુણ્ય-પાપ વિકાર છે. આત્મા ચૈતન્યમૂર્તિ છે, સંવર, નિર્જરા ને મોક્ષ એક સમયની નિર્વિકારી પર્યાય છે—એમ જાણવું જોઈએ. વ્યવહારરત્નત્રયથી સંવર માને તો નયને માન્યા નહિ. પુણ્ય તો વિકારતત્ત્વ છે. વિકારના કારણે સંવર માને તો વિકારે સંવરનું કાર્ય કર્યું ને એમ થતાં સંવર અને પુણ્યતત્ત્વ બન્ને ઊડી જાય છે. આત્માથી શરીર ચાલે છે એમ જે માને છે તે નયને માનતો નથી. શરીર જડ છે ને તે સ્વતંત્રપણે ચાલે છે—એમ માને તો અજીવતત્ત્વને માન્યું કહેવાય. જીવની ઈચ્છાથી શરીર ચાલે એમ માને તો નવતત્ત્વ રહેતાં નથી.

કારણપરમાત્મા—શુદ્ધકારણજીવ તે જીવ પદાર્થ છે, કર્મ અને શરીરાદિ અજીવ છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય પ્રગટે તે સંવરતત્ત્વ છે. શુદ્ધિની વૃદ્ધિ થવી તે નિર્જરા છે. દયા-દાનાદિ ભાવ પુણ્ય છે, હિંસા-જૂઠાદિ તે પાપભાવ છે. બન્ને આસ્રવ ને બંધ છે, સર્વથા બંધરહિત થવું તે મોક્ષ છે. નવે પદાર્થ સ્વતંત્ર છે—આમ જ્ઞાન જાણે. (ક્રમશઃ) ❊

**જે નિત્ય વર્જે પુણ્ય તેમ જ પાપ બન્ને ભાવને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૦.**



# મુક્તિનો માર્ગ

(સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સત્તાસ્વરૂપ પર પ્રવચનો)
(પ્રવચન બીજું)

શરીરની ક્રિયા કે પૈસા તેનાથી ધર્મ તો નથી, પરંતુ પુણ્ય પણ તેનાથી નથી. પૈસા ઉપરની તૃષ્ણા ઘટાડે તો પુણ્ય થાય, પણ ધર્મ ન થાય—જન્મ-મરણનો અંત ન આવે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના નિર્ણય વિના અને ભગવાન આત્માનું એટલે કે પોતાનું સ્વરૂપ શું છે તેના નિર્ણય વિના ત્રણકાળ ત્રણલોકમાં કોઈ જીવની મુક્તિ થઈ નથી, થતી નથી અને થશે નહીં; તેથી જે જીવ પોતાનું હિત કરવા ઈચ્છે છે તેણે તો સર્વથી પહેલાં આ તત્ત્વનિર્ણયરૂપ કાર્ય જ કરવું યોગ્ય છે. હવે કહે છે કે તત્ત્વનિર્ણય કરવામાં કોઈ નુકસાન નથી :—

न क्लेशो न धनव्ययो न गमनं देशान्तरे प्रार्थना।
केषांचिन्न बलक्षयो न न भयं पीडा परस्यापि न।।
सावद्यं न न रोग जन्मपतनं नैवान्यसेवा न हि।
चिद्रूपस्मरणे फलं बहु कथं तन्नाद्रियन्ते बुधाः।।

(તત્ત્વજ્ઞાનતરંગિણી અધ્યાય ૪, કલશ–૧)

ચિદાનંદસ્વરૂપ સિદ્ધ સમાન ભગવાન આત્મા, આ દેહરૂપી દેવળમાં ચૈતન્યમૂર્તિ છે; તે આત્માનો નિર્ણય કરવામાં–સ્મરણ કરવામાં કલેશ થતો નથી, ધનની જરૂર પડતી નથી, ધન ખર્ચવું પડતું નથી–એનો એવો અર્થ નથી કે ધનની તૃષ્ણા રાખીને આત્માનો વિશેષ નિર્ણય થાય! ધનની તૃષ્ણા તો પાત્ર જીવ ઘટાડે જ, પણ ધનની તૃષ્ણા ઘટાડવાથી પુણ્ય થાય, ધર્મ ન થાય. આત્માને ઓળખવા માટે ધન ખર્ચવું પડે નહીં, એટલે કે ધન ખર્ચ્યે આત્મા ઓળખાય નહીં.

પૈસા ખર્ચીને ધર્મ માનનારને કહે છે કે ભાઈ! ધન ખર્ચીને ધર્મ મનાવનારા કુગુરુ તો તને અનંતવાર મળી ગયા અને તું પણ તેમાં ધર્મ માની બેઠો; પણ તેમાં ધર્મ હરામ છે. આત્માને ઓળખ્યા વિના કોઈને ત્રણકાળ ત્રણલોકમાં ધર્મ ન થાય. આત્માને ઓળખવા માટે નથી દેશાંતરે જવું પડતું કે નથી તે માટે કોઈની ભક્તિ કરવી પડતી!

જે નિત્ય વર્જે હાસ્યને, રતિ અરતિ તેમ જ શોકને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૧.

કોઈની ભક્તિ કરવાથી ધર્મ થાય નહીં. હરામ છે કે તીર્થંકર કોઈને મોક્ષ આપી દે! ભગવાનનું બળ ભગવાન પાસે રહ્યું, તે બીજાને કામ આવે નહીં. ભગવાને તો સત્ય માર્ગ બતાવ્યો, જે જીવ સમજે તેની મુક્તિ થાય. સાચો માર્ગ સમજે તેને નિમિત્ત તરીકે ભગવાન પ્રત્યે બહુમાન આવે, પણ કાંઈ ભગવાન કોઈને સમજાવી દેતા નથી. વળી આત્માનો નિર્ણય કરવામાં બળનો ક્ષય થતો નથી, ઊલટું આત્માની ઓળખાણથી તો ગુણની વૃદ્ધિ થાય છે એટલે કે નિર્મળ દશા પ્રગટે છે. વળી તે સાવદ્ય નથી એટલે કે આત્માની ઓળખાણ કરવામાં કોઈની હિંસા થતી નથી, તથા નથી તેમાં રોગ કે નથી તેમાં જન્મ–મરણ. આત્માના સ્વરૂપની ઓળખાણ કરવા માટે કોઈની સેવા કરવી પડતી નથી. આ રીતે આત્માની ઓળખાણ કરવામાં કોઈ મુશ્કેલી નથી, અને તેની ઓળખાણનું ઘણું જ ફળ મળે છે, તો પછી ડાહ્યા પુરુષો તેને કેમ આદરતા નથી?

પરથી તદ્દન નિરાળો ભગવાન આત્મા અનંત ગુણો સહિત બિરાજી રહ્યો છે, પણ પોતાને તેની (પોતાના આત્માની) ઓળખાણ અનંત કાળથી નથી. પરંતુ તેની ઓળખાણ કરવામાં કોઈ મુશ્કેલી નથી અને તે ચિદ્રૂપ આત્માના સ્મરણનું ફળ ઘણું જ છે, તો પછી ડાહ્યા પુરુષો આવા તત્ત્વના જ્ઞાનને કેમ આદરતા નથી? તેનો ઉત્તર એ છે કે જીવને પોતાના તત્ત્વની રુચિ જ સત્સમાગમ વડે અનંત કાળમાં થઈ નથી. બધાની સેવા કરીએ અને બધાનું સારું કહીએ તો ધર્મ થઈ જાય એમ માનનારા તદ્દન પાખંડી છે. બધા ધર્મને એક માનીને જૈનધર્મનો બીજા ધર્મ સાથે જે સમન્વય કરવા માગે છે તે વીતરાગદેવના કહેલા તત્ત્વનું ખૂન કરે છે. અમૃત સાથે ઝેરના સમન્વય ન હોય. જે તત્ત્વનિર્ણય ન કરે તેના આત્માનું કલ્યાણ કદી થાય નહીં, અને રખડવું મટે નહીં; માટે જે આત્મતત્ત્વની સન્મુખ થઈને તત્ત્વનિર્ણય નથી કરતા તેને ઠપકો આપે છે કે :—

साहीणे गुरुजोगे जे ण सुणंतीह धम्मवयणाई।
ते धिट्ठदुट्ठचित्ता अह सुहडा भवभयविहुणा॥

(મોક્ષમાર્ગ પ્રકાશક પા. ૨૪)

જેને સત્સમાગમ–સત્ગુરુનો જોગ મળે છે, છતાં જેઓ ધર્મવચનોને સાંભળતા નથી, તત્ત્વનિર્ણય કરતા નથી. તે ધિષ્ટ અને દુષ્ટ ચિત્તવાળા મૂર્ખ છે. અરેરે! અનંતકાળે આવો અવતાર મળ્યો અને ચિદાનંદસ્વરૂપ ભગવાન આત્માની ઓળખાણ ન મળે! ક્યાં

જે નિત્ય વર્જે ભય જુગુપ્સા, વર્જતો સૌ વેદને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૨.

અવતાર? ક્યાં શરણ? આત્મા દેહ-મન-વાણીથી જુદો છે તેનો નિર્ણય કરે નહિ, અને સત્સમાગમે સાંભળવા પણ નવરો થાય નહિ તે દુષ્ટ છે, પોતાની જ કાળજી વિનાનો છે. જે ભગવાનના માર્ગને સમજતા નથી તે ભવભય રહિત એવા ભડના દીકરા છે. ત્રણલોકના નાથ તીર્થંકર ભગવાન પણ સંસારથી ડર્યા અને સ્વરૂપનું ભાન કરીને સંસારથી પાર તર્યા; જે સંસારથી ભગવાન પણ ડર્યા તે સંસારના ભયથી નહિ ડરનારા બધા ભડના દીકરા છે—ઊંધાઈમાં મહાન સુભટ છે.

તીર્થંકરદેવ તે જ ભવે મોક્ષ જવાના છે, પણ હજી રાજપાટમાં હોય ત્યાં ભાન તો છે કે આ રાગ મારું સ્વરૂપ નથી; છતાં વિચારે છે કે અહો! આ રાગ જ્યાં સુધી નહિ છોડું ત્યાં સુધી વીતરાગતા નહિ આવે. એમ ધારીને તેઓ પણ સંસારથી (રાગ-દ્વેષથી) હઠ્યા, અને સ્વરૂપમાં ઠરી ગયા—સ્વરૂપમાં સમાઈ ગયા. એ સંસારથી જેને ભય નથી લાગતો તે ઊંધાઈમાં મોટા સુભટ છે. સંસારની હોળી સળગાવવામાં હંમેશા તૈયાર! ત્યાં ભણવામાં વર્ષો ગાળે, પણ આત્માને સમજ્યા વિનાના ભણતર કેવા? આત્માના ભણતર સિવાયના બીજા ભણતર જ નથી. આત્માની ઓળખાણ વગર ઓઘીક વાડા, પંચાયત અને સંઘની હોળીમાં જ હાલ્યા ગયા, પણ વીતરાગ ભગવાન શું કહે છે તેનો નિર્ણય કરતા નથી તે મરીને ક્યાં જવાના? જ્ઞાનીને વ્યવહારધર્મમાં મગ્નતા હોતી નથી. એ તો સ્વરૂપની અસ્થિરતા છે તેથી દયા, વ્રત, પૂજા વગેરેના શુભભાવ આવી જાય છે. જે વકીલાત, નોકરી, વેપાર, ખાવા-પીવા વગેરેમાં રોકાણો અને તેમાં જ મગ્ન થઈ ગયો તે 'અશુભોપયોગી મિથ્યાદૃષ્ટિ' એવા ઈલ્કાબવાળો છે. તેની માન્યતા સર્વજ્ઞદેવથી ઊંધી છે, તેથી તે વીતરાગનો વેરી છે. તે બે રીતે પાપી છે. એક તો વિષય-કષાયાદિના અશુભભાવનું પાપ છે અને બીજું સર્વજ્ઞદેવથી ઊંધું માને છે તે ઊંધી માન્યતાનું અનંત પાપ છે.

વળી કોઈ જીવ સમ્યગ્દર્શન વિના વ્રત, તપ, ભગવાનની ભક્તિ, પૂજા, દાન, વગેરે કર્યા કરે તો પણ તેમાં પુણ્ય થાય છે, ધર્મ નહીં. પૂજા, દાન વગેરેમાં રાગ ઘટાડે તો પુણ્ય થાય, પણ ધર્મ ન થાય, જન્મ-મરણનો અંત ન આવે, ભવનો નાશ ન થાય. તે શ્રાવક ન કહેવાય, જૈન ન કહેવાય. આત્માના ભાન વગર વ્રત, તપ, પૂજા, ભક્તિ બધુંય કરે તો પણ તે જૈન નથી.

**જે નિત્ય ધ્યાવે ધર્મ તેમ જ શુકલ ઉત્તમ ધ્યાનને,**<br>**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૩.**

પ્રશ્ન :—અરે સાહેબ! જૈનમાંથી યે કાઢ્યા?

ઉત્તર :—જૈન હતા જ ક્યારે? જૈનમાંથી કાઢવાની વાત નથી, પણ અજૈનમાંથી જૈન બનાવવાની વાત છે.

પહેલાં કહ્યો તે અશુભોપયોગી મિથ્યાદષ્ટિ છે અને બીજો કહ્યો તે શુભોપયોગી મિથ્યાદષ્ટિ છે. તે વ્રત કરે, ઉપવાસો કરે, પૂજા-ભક્તિ કરે, દાન કરે, અને એ બધામાં મંદ રાગ કરી પુણ્ય બાંધે; પણ 'હું કોણ' એ વસ્તુનો નિર્ણય કરે નહિ, અર્થાત્ પોતાના નિર્ણય વિના વ્રત, તપ, સંયમ, નિયમ વગેરે અનેક પ્રકારની શુભભાવની ક્રિયાઓ કર્યા કરે તો તે પુણ્યમાં મગ્ન છે—વ્યવહારમગ્ન છે; તેને ભગવાને ધર્મી કહ્યો નથી.


પ્રશ્નકાર :—સાહેબ! આપ તો ઝઘડો ઉઠે તેવી વાત કરો છો?

ઉત્તર :—આ ઝઘડો ઉઠે તેવી વાત નથી, પણ ઝઘડો ટળી જાય એવી વાત છે. આ વાત સમજે તો એકેય ઝઘડો ન રહે.


આખી દુનિયા માને તો તે માર્ગ સાચો—એવું ન હોય; પણ વીતરાગ દેવ શું કહે છે તે યથાર્થ સમજવું તે જ સાચો માર્ગ છે. આત્માને ઓળખ્યા વગર વ્રત, તપ, દાન, વગેરે કરે અને તેનાં અભિમાન કરે તેને શુભભાવ પણ નથી અને વ્રત, તપ, દાન, વગેરેમાં મંદરાગ કરે, અભિમાન ન કરે તો શુભભાવ છે, પરંતુ તેમાં ધર્મ માને તે પણ છે તો વીતરાગનો વેરી જ.

ભગવાન આત્મા દેહ-મન-વાણીની ક્રિયાથી રહિત, ચિદાનંદ, પરનો અકર્તા છે. પુણ્ય-પાપ તેનું સ્વરૂપ નથી. એવા આત્માના ભાન વિના જે વ્યવહાર ધર્મ ક્રિયામાં—શુભક્રિયામાં લીન છે તે ભગવાનનો વેરી છે, શુભોપયોગી મિથ્યાદષ્ટિ છે. તેના પરિણામમાં વર્તમાન શુભભાવ છે, પણ શુભભાવ કરતાં કરતાં મિથ્યાદષ્ટિપણું ત્રણકાળમાં ટળે નહિ, ઊલટું શુભ કરતાં કરતાં તેને લાભકારક માનવાથી મિથ્યાત્વની પુષ્ટિ થાય. શુભભાવ તે રાગ છે, રાગ કરતાં કરતાં અરાગી સ્વભાવની દષ્ટિ ત્રણકાળમાં ન પ્રગટે. પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય કે સમકિત પામે એ હરામ છે. આ વાત ગળે ઉતારવી કઠણ પડે તેવી છે; પણ જન્મ-મરણના અંત લાવવા હોય તેણે તો આ વાત ગળે ઉતાર્યે જ છૂટકો છે. (ક્રમશઃ) ❊

**શ્રાવક શ્રમણ સમ્યક્ત્વ-જ્ઞાન-ચરિત્રની ભક્તિ કરે,**
**નિર્વાણની છે ભક્તિ તેને એમ જિનદેવો કહે. ૧૩૪.**




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(બીજી ઢાળ ગાથા ૧૩)

### ગૃહીત મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ અને તે છોડવાનો ઉપદેશ

एकान्त-वाद-दूषित समस्त, विषयादिपोषक अप्रशस्त।
कपिलादि-रचित श्रुतको अभ्यास, सो है कुबोध बहु देन त्रास ॥१३॥




વીતરાગી શાસ્ત્રો નિજસ્વરૂપનો એવો નિર્ણય કરાવે છે કે હું જ્ઞાન છું, જ્ઞાન જ મારું સ્વરૂપ છે, જ્ઞાન જ મારી ક્રિયા છે. રાગ–દ્વેષને જ્ઞાન ન કહેવાય. જેમ સૂર્યના કિરણમાં અંધકાર નથી તેમ જ્ઞાનસૂર્યનાં કિરણોમાં રાગ-દ્વેષ નથી. જેમ કેવળજ્ઞાનમાં રાગ નથી તેમ મતિ–શ્રુતજ્ઞાનમાં પણ રાગ નથી, જ્ઞાન તો જ્ઞાન જ છે, જ્ઞાન તે રાગ નથી. રાગને જાણતી વખતેય જ્ઞાન તો જ્ઞાન છે, ને રાગ તે રાગ છે; બંને જુદા છે, એક થઈ ગયા નથી.–અહા, આવું ભેદજ્ઞાન તે જ સાચું જ્ઞાન છે. 'ભેદજ્ઞાન તે જ્ઞાન છે, બાકી બૂરો અજ્ઞાન.'

મતિશ્રુતજ્ઞાન ને કેવળજ્ઞાન બંનેની જાત સરખી છે. મતિશ્રુતજ્ઞાનની તાકાત ભલે અલ્પ, તે અલ્પકાળ રહે ને અલ્પ જાણે, ને કેવળજ્ઞાનની તાકાત અનંત–અપાર, તે અનંત કાળ રહે ને બધું જાણે,–છતાં બંને જ્ઞાન જાણનારસ્વરૂપી જ છે. અધૂરા ને પૂરા તરીકે ભેદ ભલે હો, પણ સ્વરૂપમાં ભેદ નથી, બંને રાગથી જુદા સ્વરૂપવાળા જ છે. એક જ્ઞાન રાગવાળું ને બીજું જ્ઞાન રાગ વગરનું–એમ કાંઈ બે જુદી જાતના જ્ઞાન નથી. બધાય જ્ઞાન રાગ વગરના જ છે. મતિજ્ઞાન હો કે કેવળજ્ઞાન હો–એક્કેયમાં રાગ ઘૂસી ગયો નથી, રાગથી તે ભિન્ન જ છે. ભાઈ! આવા તારા જ્ઞાનને એકવાર નિર્ણયમાં તો લે. આવું જ્ઞાનસ્વરૂપ જે દેખાડે તે શાસ્ત્રો સાચાં; ને જેણે આવું જ્ઞાનસ્વરૂપ નિર્ણયમાં લીધું તેનું શાસ્ત્રભણતર સાચું. સત્શાસ્ત્રોનું રહસ્ય આ છે કે પરથી ભિન્ન પોતાના

> વળી મોક્ષગત પુરુષો તણો ગુણભેદ જાણી તેમની
> જે પરમ ભક્તિ કરે, કહી શિવભક્તિ ત્યાં વ્યવહારથી. ૧૩૫.

જ્ઞાનસ્વભાવને અનુભવમાં લેવો. જ્ઞાનસ્વરૂપના અનુભવમાં બધા શાસ્ત્રોનો નીચોડ સમાઈ ગયો, ને જ્ઞાનચેતના જાગી ગઈ. આવી જ્ઞાનચેતના વડે જ અનાદિનું અજ્ઞાન ટળે છે. આનાથી વિપરીત માનનારને સુશાસ્ત્રોનું રહસ્ય પરિણમ્યું નથી.

જિનશાસ્ત્રો તો વીતરાગવિજ્ઞાનના જ પોષક છે; પણ જેના અભિપ્રાયમાં જ મિથ્યાત્વ હોય તેને શાસ્ત્ર શું કરે? વીતરાગી શાસ્ત્ર ભણવા છતાં પણ તે કુમતિ ન છોડે તો મિથ્યાત્વ મટે નહિ; જોકે ખરેખર તે શાસ્ત્ર ભણ્યો નથી, શાસ્ત્રનો ખરો વાચ્યભાવ તેણે જાણ્યો નથી. શાસ્ત્રો પરથી ભિન્ન, ને પોતાના ગુણ–પર્યાયોથી એકત્વરૂપ એવો જ્ઞાનસ્વભાવ બતાવે છે. શાસ્ત્રનો સાર એવો છે કે પરભાવથી જુદા જ્ઞાનસ્વભાવરૂપે પરિણમવું. એ જ ધર્મ ને એ જ મોક્ષમાર્ગ. ત્યાં વચ્ચે રસ્તામાં જે વ્યવહાર–રાગાદિ હોય તે જાણવાયોગ્ય છે, આદરવાયોગ્ય નથી; આદરવાયોગ્ય–અનુભવવા યોગ્ય તો પરમ જ્ઞાયકભાવ છે; તેમાં જે ઠર્યો તેને વ્યવહાર રહેતો નથી. અહો, જિનાગમ આવા સર્વોત્કૃષ્ટ પરમ ભાવનો અનુભવ કરાવે છે.—'રચના જિનઉપદેશકી સર્વોત્કૃષ્ટ તીનો કાલ.' કોઈ પણ વીતરાગશાસ્ત્ર આત્મામાં સન્મુખતા કરાવે છે, ભૂતાર્થસ્વભાવનો અનુભવ કરાવે છે.

દરેક વસ્તુ અસ્તિ-નાસ્તિ, નિત્ય-અનિત્ય, એક-અનેક એવા અનંત સ્વભાવો સહિત છે, તેને અનેકાન્ત કહેવાય છે. એવી વસ્તુને સર્વથા ક્ષણિક માનવી અથવા સર્વથા અપરિણામી માનવી તે મિથ્યા મત છે. વસ્તુના સર્વાંગને એટલે કે તેના સર્વ ધર્મોને ન માનતાં એક જ અંગને એકાન્ત પકડતાં વસ્તુ સિદ્ધ થતી નથી.—છ અંધમનુષ્યો જેમ હાથીના પૂંછડું, સૂંઢ, કાન વગેરે એકેક અંગને પકડીને તેને જ હાથી માની બેઠા, તેમ અજ્ઞાનીઓ એક સાથે અનંત ધર્મોવાળી વસ્તુને ન જાણતાં નિત્ય કે અનિત્ય એવા એક જ ધર્મરૂપ માને છે પણ નિત્યતા વગર વસ્તુ ટકે નહિ ને અનિત્યતા વગર તેમાં પરિણમન રૂપ કાર્ય થાય નહિ; એ રીતે અનેકાન્ત વડે જ વસ્તુની સિદ્ધિ છે; અનેકાન્તમાં તો ઘણું રહસ્ય છે. વસ્તુના અનેક ધર્મોને તે સાથે ને સાથે રાખીને યથાર્થ વસ્તુસ્વરૂપ પ્રસિદ્ધ કરે છે.–આવું સ્વરૂપ પ્રસિદ્ધ કરે તે શાસ્ત્રો સાચાં.

જે શાસ્ત્રો વિષય-કષાયના પોષક હોય, યુદ્ધ-હિંસા વગેરેની અનુમોદના કરતા હોય, જીવને પરાધીન કહેતા હોય કે રાગથી ને ઈન્દ્રિયજ્ઞાનથી ધર્મ મનાવતા હોય, તો

શિવપંથ સ્થાપી આત્મને નિર્વાણની ભક્તિ કરે,
તે કારણે અસહાયગુણ નિજ આત્મને આત્મા વરે. ૧૩૬.

તે પણ કુશાસ્ત્ર છે, તેની માન્યતાથી કુજ્ઞાન પોષાય છે. સ્વ-વિષયરૂપ આખો અતીન્દ્રિય વીતરાગસ્વરૂપ આત્મા, તેનું સ્વરૂપ તે કુશાસ્ત્રો બતાવી શકતા નથી, તેથી એવા કુશાસ્ત્રો અપ્રશસ્ત છે—બૂરા છે, સત્ય સિદ્ધાંત વિરુદ્ધ છે, ને જીવનું ઘણું અહિત કરનાર છે, માટે તેનું સેવન છોડવું જોઈએ.

અહો, સમ્યગ્જ્ઞાનના મહિમાની જગતને ખબર નથી, ને મોટા ભાગના લોકો અજ્ઞાનપૂર્વક ધર્મના નામે રાગને જ ચારિત્ર સમજીને મિથ્યાચારિત્ર સેવી રહ્યા છે. પણ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વગર સાચું ચારિત્ર કદી હોતું નથી. અને સમ્યગ્જ્ઞાન વગરની ક્રિયાઓ જીવને હિતકર થતી નથી. હજી તો સાચા શાસ્ત્રો કયા ને ખોટા શાસ્ત્રો ક્યા–તેની જેને ખબર નથી, અને સાચા શાસ્ત્રોના પણ અર્થ સમજતાં જેને આવડતું નથી, ને પોતાની કલ્પનાથી વિપરીત અર્થો કરીને અજ્ઞાનને પોષે છે, તેણે પણ ગૃહીત અજ્ઞાન છોડ્યું નથી. ભાઈ, અજ્ઞાન મહા દુઃખકર છે, એમ જાણીને હવે તો તેનું સેવન છોડ. આવો અવસર વારંવાર નહિ આવે.

અહો, આ તો સમ્યગ્જ્ઞાન સહિત વીતરાગતાનો માર્ગ છે...તે જ પરમહિતકર છે. 'મંગલમય–મંગલકરણ વીતરાગવિજ્ઞાન' વીતરાગવિજ્ઞાન વગર જીવનું બીજી કોઈ રીતે હિત થતું નથી; અરિહંત વગેરે ઈષ્ટપદની પ્રાપ્તિ વીતરાગવિજ્ઞાન વડે જ થાય છે. અને એવા વીતરાગવિજ્ઞાનનો ઉપદેશ સર્વજ્ઞ દેવે કહેલા અને જ્ઞાની–સન્તોએ રચેલા શાસ્ત્રોમાં જ યથાર્થ છે. અજ્ઞાની–કુમતિઓએ રચેલા કુશાસ્ત્રોમાં વીતરાગવિજ્ઞાનનો ઉપદેશ હોતો નથી. તે તો રાગ–દ્વેષ–અજ્ઞાનનાં પોષક છે.

ગુણ-ગુણી (જ્ઞાન અને આત્મા) સર્વથા જુદા નથી છતાં જુદાં માને, જેમકે જ્ઞાન આત્માથી ઉત્પન્ન થતું હોવા છતાં બાહ્ય પદાર્થો વડે જ્ઞાનની ઉત્પત્તિ માને તો તે જીવ ગુણ-ગુણીને સર્વથા જુદા માને છે, આવી ઊંધી માન્યતાના પોષક શાસ્ત્રો તે પણ કુશાસ્ત્રો છે. આત્મા જ જ્ઞાનસ્વરૂપ છે, તેનું જ્ઞાન બહારથી નથી આવતું.

આ જગત કોઈએ બનાવેલું નથી, જગતના જડ ચેતન બધા પદાર્થો અકૃત્રિમ સ્વયંસિદ્ધ છે; તેમ જ દરેક વસ્તુના ગુણો પણ સ્વયંસિદ્ધ છે, કોઈ સંયોગો વડે તે ગુણોની ઉત્પત્તિ થઈ નથી. 'બધું અદ્વૈત–બ્રહ્મ છે ને બીજું કાંઈ સત્ છે જ નહિ, અથવા ઈશ્વર આ જગતના કર્તા–હર્તા છે'–એમ નથી, છતાં એમ માનવું તે ગૃહીત મિથ્યાજ્ઞાન

રાગાદિના પરિહારમાં જે સાધુ જોડે આત્મને,
છે યોગભક્તિ તેહને; કઈ રીત સંભવ અન્યને ? ૧૩૭.

છે. અને એવું કહેનારા શાસ્ત્રો તે કુશાસ્ત્રો અજ્ઞાનપોષક છે.

સર્વજ્ઞ–અરિહંતદેવ ખોરાક ખાય, નિર્ગ્રંથમુનિ વસ્ત્રો પહેરે, ભગવાનનેય રોગ થાય ને દવા કરે,—આમ દેવ-ગુરુ સંબંધી અત્યંત વિપરીત પ્રરૂપણા જેમાં હોય તે પણ ગૃહીત મિથ્યાજ્ઞાનના જ પોષક કુશાસ્ત્રો છે–એમ સમજવું; ને પોતાના હિત માટે તેનું સેવન છોડવું.

એકલી પરજીવની દયાનો ભાવ કે આહારદાનનો ભાવ તે શુભરાગ છે, છતાં તેનાથી મોક્ષ થવાનું કહેવું તે વિપરીત કથન છે. વીતરાગી જૈનસિદ્ધાંતમાં રાગને તો બંધનું જ કારણ કહ્યું છે, શુભરાગ પણ મોક્ષનું કારણ નથી. મોક્ષનું કારણ તો વીતરાગી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર જ છે. રાગ વિનાનો અબંધસ્વભાવી ભગવાન આત્મા, તેના આશ્રયે જ ભવનો અભાવ થાય છે. રાગના આશ્રયે કદી પણ ભવનો અભાવ ન થાય; સાચા મુનિને આહારદાન દેવાના ફળમાં ભોગભૂમિ કહી છે પણ મોક્ષ નથી કહ્યો. શ્રેયાંસકુમાર વગેરેને તો આહારદાન વખતે અંદર આત્માના સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન હતા, તે જ મોક્ષનું કારણ થયા છે, આહારદાનનો રાગ કાંઈ મોક્ષનું કારણ નથી થયો. અહા, વીતરાગશાસ્ત્રોએ તો વીતરાગમાર્ગ જ પ્રકાશ્યો છે. તેમાં ઉપચારકથન આવે ત્યાં તેનો આશય સમજીને અર્થ કરવો જોઈએ. વ્યવહાર પરાશ્રિત છે તેથી ત્યાજ્ય છે, નિશ્ચય સ્વાશ્રિત છે તેથી આદરણીય છે. વીતરાગી શાસ્ત્રોના કથનમાં ક્યાંય પરસ્પર વિરુદ્ધતા હોતી નથી. શાસ્ત્ર વાંચીને કોઈ પણ પ્રકારે રાગનો કે પરાશ્રયનો પોષક આશય કાઢે તો તે શાસ્ત્રના અર્થને સમજ્યો નથી. શાસ્ત્રો તો પરાશ્રય અને રાગ છોડાવનારાં છે, પોષનારાં નથી.

કોઈ અજ્ઞાની, ભલે સીધી રીતે કુશાસ્ત્રને ન માને પણ સાચા શાસ્ત્રના બહાને પણ કુશાસ્ત્રોના જેવી જ મિથ્યા માન્યતાઓને પોષે તો તેને પણ ગૃહીત અજ્ઞાન છૂટ્યું નથી. જેમ સત્તાસ્વરૂપમાં કહે છે કે સર્વજ્ઞ અરિહંતદેવ અને બીજા કુદેવ–તેમના વચ્ચે તફાવત ઓળખ્યા વગર, અરિહંતદેવને માને ને બીજાને ન માને તોપણ તેને ગૃહીત મિથ્યાત્વ છૂટ્યું કહેતાં નથી; દેવનું સાચું સ્વરૂપ ઓળખ્યા વગર ગૃહીત મિથ્યાત્વ છૂટે નહિ; એ જ પ્રમાણે સાચા ગુરુ અને સાચા શાસ્ત્ર બાબતમાં પણ સમજવું. (ક્રમશઃ)

---

સઘળા વિકલ્પ અભાવમાં જે સાધુ જોડે આત્મને,
છે યોગભક્તિ તેહને; કઈ રીત સંભવ અન્યને ? ૧૩૮.

# જૈનદર્શનના શાસ્ત્રોના ભાવ સમજવા માટે અવશ્ય લક્ષમાં રાખવા યોગ્ય નિયમો

(૧) જૈનદર્શન અનેકાંત સ્વરૂપ છે; તે દરેક વસ્તુને અનેકાંતસ્વરૂપ બતાવે છે. દરેક તત્ત્વ પોતાના સ્વરૂપમાં અસ્તિરૂપ અને પરના સ્વરૂપથી નાસ્તિરૂપ છે. આ અનેકાંત એ જ વસ્તુનું સ્વરૂપ સમજવાનો ઉપાય છે. તેનાથી જ જૈનદર્શનની મહત્તા છે.

(૨) દરેકે દરેક તત્ત્વ સ્વતંત્ર છે, પોતે પોતાથી અસ્તિરૂપ છે અને પરથી નાસ્તિરૂપ છે. જેમાં જેની નાસ્તિ હોય તેમાં તે કાંઈ કરી શકે નહિ તેથી કોઈ પણ તત્ત્વ બીજા કોઈ તત્ત્વનું કાંઈપણ કરવા કદી સમર્થ નથી.


(૩) દરેક દ્રવ્ય એક બીજાથી જુદા હોવાથી, તેમના ગુણો અને પર્યાયો પણ ત્રિકાળ જુદે જુદાં જ છે અને દરેક દ્રવ્યના ગુણ-પર્યાય પોતાના દ્રવ્યના જ આધારે છે, કોઈપણ દ્રવ્યના ગુણ-પર્યાય કદી પણ બીજા દ્રવ્યના આધારે નથી.

(૪) જીવ પોતે બીજા અનંત પર પદાર્થોથી ભિન્ન છે તેથી કોઈ પર પદાર્થ જીવને લાભ-નુકસાન કરી શકે નહિ, જીવનો પુરુષાર્થ સ્વતંત્ર છે. જગતના સર્વ દ્રવ્યો સ્વથી અસ્તિરૂપ અને પરથી નાસ્તિરૂપ—એમ અનેકાંતસ્વરૂપ છે, એ અનેકાંત દ્વારા વસ્તુસ્વરૂપની સ્વતંત્રતા અને પૂર્ણતા છે. આમ ભેદજ્ઞાન કરાવીને જૈનદર્શન આત્મસ્વભાવ સાથે એકતા કરાવે છે, ને પર સાથેનો સંબંધ તોડાવે છે.

(૫) જૈનદર્શનના શાસ્ત્રનું કોઈ પણ કથન હોય તેનું મૂળ પ્રયોજન વીતરાગભાવ જ છે એ પ્રયોજનને અખંડ રાખીને જ જૈનશાસ્ત્રોના અર્થ સમજવા.

ઉપર મુજબ પાંચ નિયમો બરાબર લક્ષમાં રાખીને સત્‌શાસ્ત્રોના અર્થ સમજવામાં આવે તો જ તેનું સાચું રહસ્ય સમજાય છે. કોઈપણ શાસ્ત્ર હોય અને તેમાં નિશ્ચયનયનું કથન હોય કે વ્યવહારનયનું કથન હોય પણ તેનો સાચો ભાવાર્થ સમજવા માટે ઉપરના નિયમો લક્ષમાં રાખીને તેના અર્થ કરવા જોઈએ.

(જુઓ અનુસંધાન પેજ નં. ૯ ઉપર)



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

પ્રશ્ન :—સમ્યગ્દર્શન થવા પહેલા કેવા પ્રકારના વિચારો ચાલતા હોય કે જેનો અભાવ થઈને સમ્યગ્દર્શન થાય?

ઉત્તર :—કેવા પ્રકારના વિચારો ચાલતા હોય તેનો કોઈ નિયમ નથી. તત્ત્વના કોઈ પણ પ્રકારના વિચારો ચાલતા હોય તેનો અભાવ થઈને સમ્યગ્દર્શન થાય છે.

પ્રશ્ન :—પરિચય કોનો રાખવો જોઈએ?

ઉત્તર :—સત્‌સ્વરૂપ એવા આત્માનો પરિચય રાખજે. જેવો જેનો પરિચય એવી જ એની પરિણતિ થશે. રાગના રસીલા જગતના જીવોનો પરિચય કરીશ તો તારી પરિણતિ પડી જશે. જેને શરીર આદિનો પ્રેમ છે, જેને પુણ્યનો પ્રેમ છે, એવા લૌકિકજનોનો પરિચય કરીશ તો તારી પરિણતિ પડી જશે. લોકો માન સન્માન આપે એના પરિચયથી તું મરી જઈશ, સ્ત્રી–પુત્રાદિ કે વેપાર આદિના પરિચયથી તને નુકસાન થશે. તું આનંદનો નાથ પ્રભુ છો! તારા નિવાસમાં–તારા પરિચયમાં રહે તો તને આનંદ ને સુખ થશે. જેમ જંગલમાં સિંહ નિર્ભય થઈને વિચરે છે તેને હરણ આદિનો ભય હોતો નથી, તેમ તું નિર્ભય થઈને તારા સ્વદેશમાં વિચર!

પ્રશ્ન :—આત્મ–અનુભવ થતાં પહેલાં છેલ્લો વિકલ્પ કેવો હોય?

ઉત્તર :—છેલ્લા વિકલ્પનો કોઈ નિયમ નથી. રાગથી ભિન્નતા પૂર્વક શુદ્ધાત્માની સન્મુખતાનો પ્રયત્ન કરતાં કરતાં ચૈતન્યની પ્રાપ્તિ થાય છે. જ્યાં ત્રિકાળી જ્ઞાયક પ્રભુ તરફ પરિણતિ ઢળી રહી હોય, જ્ઞાયકધારાની ઉગ્રતા ને તીક્ષ્ણતા હોય ત્યાં છેલ્લો ક્યો વિકલ્પ હોય એનો કોઈ નિયમ નથી. પર્યાયને અંદર ઊંડાણમાં ધ્રુવ પાતાળમાં લઈ જાય ત્યાં ભગવાન આત્માની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શન થાય છે.

પ્રશ્ન :—સ્વાનુભૂતિ કેમ કરવી?

ઉત્તર :—રાગની વૃત્તિ પર તરફ જાય છે તેનું લક્ષ છોડીને સ્વસન્મુખ વળે તો અનુભૂતિ થાય.

વિપરીત આગ્રહ છોડીને, જૈનાભિહિત તત્ત્વો વિષે
જે જીવ જોડે આત્મને, નિજ ભાવ તેનો યોગ છે. ૧૩૯.

પ્રશ્ન :—વિષય–કષાયની સતત વિટંબણામાંથી છૂટવાનું સાધન શું?

ઉત્તર :—વિષય–કષાયનો પ્રેમ છોડવો–રુચિ છોડવી, વિષય–કષાયના રાગથી ચૈતન્યનું ભેદજ્ઞાન કરવું તે વિષય–કષાયની સતત વિટંબણાથી છૂટવાનું સાધન છે.

પ્રશ્ન :—આ તત્ત્વની ઝાંખી (સંસ્કાર) આવતા ભવમાં રહે એવો કાંઈ ઉપાય ખરો?

ઉત્તર :—આ તત્ત્વનો પાકો નિર્ણય કરે તો આવતા ભવમાં એ સંસ્કાર કામ આવે.

પ્રશ્ન :—વિકલ્પવડે નિર્વિકલ્પદશાની પ્રાપ્તિ કેમ નથી થતી?

ઉત્તર :—વિકલ્પવડે નિર્વિકલ્પ–ચૈતન્યના અનુભવ તરફ જવાશે—એમ જે માને છે તે વિકલ્પને અને નિર્વિકલ્પતત્ત્વને બંનેને એક માને છે, તેને વિકલ્પનો જ અનુભવ રહેશે પણ વિકલ્પથી પાર એવા નિર્વિકલ્પ ચૈતન્યનો અનુભવ તેને નહિ થાય. વિકલ્પને સાધન માને તે વિકલ્પનું અવલંબન છોડીને આઘો જાય નહિ. એટલે વિકલ્પથી પાર એવું ચૈતન્યતત્ત્વ તેના અનુભવમાં આવે નહિ. ભાઈ, ચૈતન્યતત્ત્વ અને વિકલ્પ—એ બંનેની જાત જ જુદી છે; ચૈતન્યમાંથી વિકલ્પની ઉત્પત્તિ નથી, અને વિકલ્પનો પ્રવેશ ચૈતન્યમાં થતો નથી. આમ અત્યંત ભિન્નતાને ઊંડેથી વિચારીને તું ચૈતન્યની જ ભાવનામાં તત્પર રહે.

ચૈતન્યમાં જેમ જેમ નિકટતા થતી જાય છે તેમ તેમ વિકલ્પો શમતા જાય છે. ચૈતન્યમાં લીન થતાં વિકલ્પો અલોપ થઈ જાય છે. આ રીતે ચૈતન્યમાં વિકલ્પ નથી, એવા ભિન્ન ચૈતન્યને તું તીવ્ર લગનીથી ચિંતવ.

પ્રશ્ન :—અનુભૂતિમાં ને જ્ઞાનમાં ફેર શું છે?

ઉત્તર :—જ્ઞાનમાં તો આખો આત્મા જણાય છે અને અનુભૂતિમાં તો પર્યાયનું જ વેદન આવે છે દ્રવ્યનું વેદન થતું નથી.

પ્રશ્ન :—પર્યાયના ભેદ જાણવામાં આવે છે ને?

ઉત્તર :—પર્યાયનું યથાયોગ્ય જ્ઞાન કરવું તે બરાબર છે, પણ શુદ્ધ અખંડ અભેદ આત્માને પર્યાયના ભેદરૂપ માને છે તેને કુબુદ્ધિ કહ્યો છે. (નિયમસાર કળશ-૨૬૧)

**વૃષભાદિ જિનવર એ રીતે કરી શ્રેષ્ઠ ભક્તિ યોગની,**
**શિવસૌખ્ય પામ્યા; તેથી કર તું ભક્તિ ઉત્તમ યોગની. ૧૪૦.**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન :*—પ્રથમ ભૂમિકામાં અમારે શું કરવું?

**સમાધાન :**—ભેદજ્ઞાન પ્રયાસ કરવાથી થાય છે, પ્રયાસ વગર થતું નથી. કેવળ મંથન કરતાં કરતાં ભેદજ્ઞાન થઈ જાય એમ બને નહિ; પણ પરિણતિને જુદી પાડતાં પાડતાં થઈ જાય છે. પરંતુ તે જાતનું ધ્યેય હોવું જોઈએ. પરિણતિ જુદી પાડવાનું—સ્વભાવ જુદો પાડવાનું ધ્યેય હોવું જોઈએ. અને તે પ્રયાસ કરતાં કરતાં થાય જ. ન કેમ થાય? પોતે જ છે, બીજો કોઈ નથી. વિશ્વાસ અને પ્રતીતિને છોડવાં નહિ; શ્રદ્ધા તો બરાબર કરવી. પ્રયાસ ઓછો—વધારે થાય પણ શ્રદ્ધા બરાબર કરવી કે આ રસ્તે અને આ રસ્તે પ્રયાસ કરવાથી થવાનું જ છે. જેમ કે અહીં ગામ છે એમ નક્કી થયા પછી ચલાય ઓછું, છતાં ચાલે જ. તેવી રીતે નક્કી—દ્રઢતા કરે તો કાર્ય થયા વગર રહેવાનું નથી. શ્રદ્ધામાં હારીશ નહિ, શ્રદ્ધા બરાબર કરજે. જેવી દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા દ્રઢ રાખે છે તેમ આત્મામાં આ રસ્તે જ પહોંચાશે એવી શ્રદ્ધા બરાબર રાખજે.

પોતાના પુરુષાર્થની મંદતા છે, કારણ ઓછું આપે છે, ત્યાં દૃષ્ટિને થંભાવતો નથી. ૧૮
દૃષ્ટિ થોડીવાર થંભી-ન થંભી ત્યાં છૂટી જાય છે—એટલે ભેદજ્ઞાન થતું નથી. રસ બહાર દોડ્યો જાય છે એટલે પરિણતિ પોતાને છોડીને બહાર જાય છે. દૃષ્ટિને એકદમ તે-મય—તન્મય કરતો નથી તેથી થતું નથી, આ રીતે પોતાનું કારણ છે.

*પ્રશ્ન :*—હમણાં હમણાં ધ્યાન પદ્ધતિ નીકળી છે કે શ્વાસોચ્છ્‌વાસ રોકો, મનને ખાલી કરો તો તમને આત્મવિચારણા કરવા અંદરથી સ્ફુરણા થશે. તો શું એવું ધ્યાન કાંઈ મદદરૂપ થાય?

**સમાધાન :**—તે શુભભાવનારૂપ છે. તેમાં (મનની) એકાગ્રતા થાય, પણ ખરું ધ્યાન તો પોતાને અંદરમાં સાચું જ્ઞાન થાય,—તત્ત્વને મૂળમાંથી—સ્વભાવમાંથી ઓળખે તો થાય. સાચું જ્ઞાન થાય તો સાચું ધ્યાન થાય, માટે તત્ત્વને ગ્રહણ કરવું. પોતે પોતાના જ્ઞાન દ્વારા સૂક્ષ્મ ઉપયોગ કરીને પોતાને ગ્રહણ કરે તો તેમાં સાચી એકાગ્રતા થાય. બાકી

**નથી અન્યવશ જે જીવ, આવશ્યક કરમ છે તેહને;**
**આ કર્મનાશનયોગને નિર્વાણમાર્ગ કહેલ છે. ૧૪૧.**

શ્વાસોચ્છ્વાસ તો ઘણીવાર તેણે રોક્યા છે ને તેમાં એકાગ્રતા કરી છે; પણ જ્યાં સુધી આત્માનું અસ્તિત્વ ગ્રહણ નથી થયું ત્યાં સુધી માત્ર મનની એકાગ્રતા થાય છે. મૂળ આત્માનું અસ્તિત્વ ગ્રહણ કર્યા વગર એકલી મનની એકાગ્રતા કાંઈ કામ આવતી નથી.

*પ્રશ્ન* :—સૂક્ષ્મ ઉપયોગની ભૂમિકાએ પહોંચવા માટે શું કરવું?

**સમાધાન** :—તત્ત્વના ઊંડા વિચારો કરવા, જ્ઞાયકની લગની લગાવવી, તેનો મહિમા કરવો. બહાર ઉપયોગ જે જાય છે તે બધો સ્થૂલ છે. તેની મહિમા અને એકત્વબુદ્ધિ તોડીને હું ચૈતન્ય છું, હું મહિમાનો ભંડાર છું, બધું મારામાં છે, બહારમાં કાંઈ નથી એમ બધા વિકલ્પોની વચ્ચે હું કોણ છું તેને ઓળખવાનો પ્રયત્ન કરવો. તે માટે પોતે સૂક્ષ્મ ઉપયોગ કરે તો તેને ઓળખી શકે છે. બહાર જતો ઉપયોગ સ્થૂલ હોય તો ઓળખી ન શકે. માટે તત્ત્વના વિચારો કરવા, મહાપુરુષોએ જે માર્ગ બતાવ્યો છે તેના વાંચન-વિચારો કરવા અને પોતે અંતરમાં આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો.

*પ્રશ્ન* :—બહુ એકાંત સેવવાથી આ સ્વાધ્યાય થઈ શકે? એવાં સ્થાનોની જરૂરિયાત ખરી?

**સમાધાન** :—જેને જેની રુચિ હોય તે વચ્ચે આવે છે. કોઈ એકાંત સેવે, કોઈ એકાગ્રતા કરે, પણ મૂળ તો પોતાના આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. શાસ્ત્રમાં આવે છે ને આચાર્યો પણ એમ જ કહે છે કે તું તારા આત્માને ઓળખ અને તેની પ્રતીતિ કર. ‘‘બંધો તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો.’’ આ બંધ શું છે? અને આત્મા શું છે? તે જાણીને ‘‘જે બંધમાંહી વિરક્ત થાયે...’’ બંધ અને બંધના જે ભાવો તેનાથી વિરક્ત થાય તે પોતાના સ્વભાવને ઓળખે. જે પ્રજ્ઞાથી સ્વભાવને જુદો પાડ્યો તેનાથી સ્વભાવને ગ્રહણ કરી તેમાં એકાગ્રતા કરે તે મુક્તિનો માર્ગ છે,—સ્વાનુભૂતિનો માર્ગ છે. પોતે સાચા જ્ઞાન વગર બધાં બાહ્ય સાધનો ભેગા કરે તો તે પગલું ક્યાં માંડશે? ઊભો ક્યાં રહેશે? જે પોતાના સ્વભાવને ઓળખતો નથી તે એકાગ્રતા ક્યાં કરશે? એકાંતમાં ક્યાં જાશે? પોતે પોતાને ઓળખવો જોઈએ કે હું આ ચૈતન્ય છું. તે વિના તે ક્યાં પગલું માંડશે? માટે તેણે જ્ઞાન દ્વારા—પ્રજ્ઞા દ્વારા પોતાને ઓળખવો જોઈએ કે આ હું ચૈતન્ય છું. આમ પોતે પોતાને ગ્રહણ કરી તેમાં એકાગ્રતા કરે તો સાચી એકાગ્રતા થાય. નહિ તો માત્ર શુભભાવનારૂપ થાય છે.

વશ જે નહીં તે ‘અવશ’, ‘આવશ્યક’ અવશનું કર્મ છે;
તે યુક્તિ અગર ઉપાય છે, અશરીર તેથી થાય છે. ૧૪૨.

## બાળ વિભાગ

# દૃઢ શ્રદ્ધાની વારિષેણ

રાજગૃહી નગરીમાં ઉદ્યાનમાં ભ્રમણ કરતા શ્રીકીર્તિ શ્રેષ્ઠીના ગળામાં પહેરેલ હીરાનો હાર જોઈ મગધસુંદરી મુગ્ધ થઈ ગઈ તેણે પોતાના પ્રેમી વિદ્યુતચોરને તે હાર લાવી આપવા કહ્યું. વિદ્યુતચોરે એક રાત્રિના તે શ્રેષ્ઠીના ઘરથી તે હારની ચોરી કરી પણ હારના પ્રકાશને કારણે ચોરી ન છુપાણી અને સિપાહીઓ તેની પાછળ પડ્યા. વિદ્યુતચોર ભાગતા ભાગતા સ્મશાનમાં ધ્યાન કરતા વારિષેણ પાસે હાર ફેંકીને ભાગી ગયો. વારિષેણ પાસે હાર જોઈ સિપાહીઓએ વારિષેણને ચોર સમજી રાજા સમક્ષ રજૂ કર્યો, રાજાએ તેને મૃત્યુદંડ સંભળાવ્યો પરંતુ વારિષેણના પુણ્ય પ્રભાવે જલ્લાદની ખડ્ગનો વાર ફૂલની માળા બની ગઈ, આ પ્રસંગથી વારિષેણને વૈરાગ્ય આવે છે. રાજા વારિષેણ પાસે ક્ષમા માગે છે આ બાજુ આ સમગ્ર ઘટના જોઈને વિદ્યુતચોર રાજા પાસે માફી માગે છે અને રાજા તેને અભયદાન આપી મુક્ત કરે છે. હવે આગળ.....

વારિષેણને નિરપરાધ જોઈને શ્રેણિક બોલ્યા–

‘‘પુત્ર ! હવે શીઘ્ર રાજમહેલમાં ચાલો, તમારી માતા તમારા દર્શનની પ્રતીક્ષા કરી રહી છે, તેને દર્શન આપીને તેમના નેત્રોને તૃપ્ત કરો.

પરંતુ વારિષેણ તો આ ઘટના જોઈને સંસારથી વિરક્ત થઈ ચૂક્યા હતા. તેઓ પિતાને સંબોધિત કરતા થકા બોલ્યા–

‘‘હે પિતાશ્રી ! મને ક્ષમા કરો, આ સંસારની ઘણી વિચિત્ર લીલાઓને જોઈ લીધી છે, હવે તો મારું હૃદય સંસાર-દુઃખથી થાકી ગયું છે. હવે એક ક્ષણ પણ આ મોહના ‘કારાગૃહ’માં રહેવા ઈચ્છતો નથી. આયુષ્ય ટૂંકું અને ક્ષણભંગુર છે. હવે તો મારે ધર્મ સાધનાનો અવસર આવ્યો છે.

આ મનુષ્યપણું તો સડેલી કાળી શેરડી સમાન નિષ્ફળ છે. તે આપદારૂપી ગાંઠમાં તન્મય છે અને અંતે નિરસ છે. તેનું મૂળ ચૂસવાયોગ્ય નથી અને મધ્યમાં ક્ષુધા, રોગ, કોઢ આદિ ભયંકર છિદ્રોથી સહિત છે, માટે તે ભોગવવા યોગ્ય નથી. આ નામમાત્રને માટે રમણીક છે–એવી નિઃસાર મનુષ્ય પર્યાયને ધર્મનું બીજ બનાવીને સફળ કરવું જ યોગ્ય છે.

હે પિતાશ્રી ! આ સ્નેહીજનોનો સંયોગ તો પર્વત શિખર પર રાખેલ હવા સામે

વર્તે અશુભ પરિણામમાં, તે શ્રમણ છે વશ અન્યને;
તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૩.

બળતા દીપક સમાન ચંચળ છે. જેમ ઘરમાં આગ લાગી હોય તો તેને છોડવું જ યોગ્ય છે. તે પ્રમાણે મારો આત્મા પણ આ મોહની અગ્નિથી બળતા સંસારના દાવાનળથી બહાર નીકળવા ઈચ્છું છું. માટે તમે મને પાછો તે દાવાનળમાં ન ધકેલો.

તમે લહેરાતા ભયંકર સમુદ્રને તરીને કોઈ મુશ્કેલીથી જ કિનારા સુધી પહોંચી શક્યો હોય અને તેને કોઈ પાછો ધક્કો મારીને સમુદ્રમાં ધકેલી દે, તેવી રીતે આ ઘોર સંસારમાં વૈરાગ્ય દ્વારા તરીને મારો આત્મા મુશ્કેલીથી કિનારે આવ્યો છે, તેને તમે પાછો સંસારમાં ન ધકેલો. મારા પરમ અમૃતના ભોગમાં ઝેર ધોળવાનું કાર્ય ન કરો. માટે મને ક્ષમા કરો.


અહો ! આ પુરુષના શરીરના જનક આત્મા. અહો ! આ પુરુષના શરીરની જનની આત્મા, આ પુરુષનો આત્મા તમારા દ્વારા જનિત નથી--એવો તમે નિશ્ચય કરો. માટે તમે આ આત્માને છોડો. જેને જ્ઞાન-જ્યોતિ પ્રગટી છે--એવો આ આત્મા આજ આત્મારૂપી પોતાના અનાદિજનક પાસે જઈ રહ્યો છે, માટે પ્રસન્ન-ચિત્તથી મને વિદાય આપો.

હે માતા ! એકવાર રોવું હોય તો રોઈ લે, પણ હવે વચન આપું છું કે કોઈ બીજી માતાને રોવડાવીશ નહીં. મારા રોમ-રોમમાં વૈરાગ્ય છવાઈ ગયો છે. હું પરમાનંદની પ્રાપ્તિ માટે વનમાં જવા ઈચ્છું છું, માટે હે માતા ! મને આનંદથી રજા આપો.

અહો, ધન્ય આત્મા ! ધન્ય કાળ ! માતાની આંખોમાં આંસુની ધારા વહે છે, તે અશ્રુભરી આંખોથી પુત્રને રજા આપે છે—“બેટા ! તારા સુખના પંથમાં અમે વિઘ્ન નહીં નાખીએ, અમારા ધન્ય ભાગ્ય ! કે આજે અમારો પુત્ર કેવળજ્ઞાન લક્ષ્મીને વરવા માટે જઈ રહ્યો છે. જા..બેટા જા... ! તારા સાધ્યની સિદ્ધિ કર—એ અમારા આશીર્વાદ છે, અમારી અનુમોદના છે. અમારે પણ અલ્પકાળમાં આ પંથે જ આવવાનું છે.”

“અહો ! કેવો અદ્‌ભુત હશે તે વૈરાગ્ય પ્રસંગ !!”

વારિષેણ વૈરાગ્યમાં લીન થઈ માતા-પિતાથી જિનેશ્વરી દીક્ષાની આજ્ઞા લઈને વનની તરફ ચાલી નિકળે છે અને દીક્ષા ધારણ કરીને અડોલ અકંપ સાધનાપૂર્વક વિચરણ કરવા લાગે છે.



અહો ! તેમને જોઈને એમ લાગતું હતું તે જાણે સિદ્ધ ભગવાન જ સાક્ષાત્ વિચરણ કરી રહ્યા હોય... વાહ રે વાહ !.....ધન્ય મુનિદશા !!

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ : પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર ઉપર (૧૫મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

બપોરે ૩-૧૫ થી ૪-૧૫ : શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

બપોરે ૪-૧૫ થી ૪-૪૫ : શ્રી જિનેન્દ્ર ભક્તિ

રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ : અષ્ટપાહુડ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

### ❃ નંદીશ્વર-અષ્ટાહ્નિકા ❃

અષાઢ સુદ ૮, રવિવાર, તા. ૧૪-૦૭-૨૦૨૪ થી અષાઢ સુદ ૧૫, રવિવાર, તા. ૨૧-૦૭-૨૦૨૪—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

❃ **વીરશાસન જયંતી** :—અષાઢ વદ-૧, સોમવાર, તા. ૨૨-૭-૨૦૨૪ના રોજ શ્રી વીરશાસનજયંતી વિશેષ પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

## બાળકો માટેના આપેલ પ્રશ્ન જુલાઈ – ૨૦૨૪ના ઉત્તર

(૧) જ્ઞાન
(૨) આત્મસ્વરૂપ
(૩) વીતરાગ—વિજ્ઞાન
(૪) મહિમા—અતીન્દ્રિય
(૫) સ્વાનુભૂતિ
(૬) પ્રત્યક્ષ
(૭) અતીન્દ્રિય
(૮) અતીન્દ્રિયજ્ઞાન
(૯) આત્મા
(૧૦) પરોક્ષ—પ્રત્યક્ષ
(૧૧) અતીન્દ્રિય
(૧૨) સિંહ, હાથી
(૧૩) સમ્યક્
(૧૪) અરિહંત, સિદ્ધ
(૧૫) શુદ્ધોપયોગ
(૧૬) સર્વજ્ઞ સ્વભાવી
(૧૭) જ્ઞાન, રાગ
(૧૮) સમ્યક્‌જ્ઞાન—સર્વજ્ઞ
(૧૯) સમ્યક્‌દર્શન
(૨૦) સ્વહિત

## વૈરાગ્ય સમાચાર :–

❃ લાઠી નિવાસી શ્રીમતી જ્યોતિબેન અનંતરાય ભાયાણી (ઉ.વ. ૭૭)નું તા. ૧૨-૦૫-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેમને નાની ઉંમરથી જ પૂજ્ય ગુરુદેવશ્રીના સત્સંગો લાભ મળેલ હતો.

❃ સોનગઢ નિવાસી બ્ર. વીણાબેન પ્રભુદાસ કામદાર (ઉ.વ. ૭૧)નું તા. ૩૧-૫-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓએ બ્રહ્મચર્યવ્રત લઈ આજીવન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લીધેલ હતો.

❃ નાગનેશ નિવાસી (હાલ અંધેરી) ધીરજલાલ સોમચંદ શાહ (ઉ.વ. ૮૫)નું તા. ૮-૦૬-૨૦૨૪ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

પ્રશ્ન-૫૨ : 'કાળો રંગ' તે અનુજીવી ગુણ છે કે પ્રતિજીવી ગુણ ?

ઉત્તર : 'કાળો રંગ' તે ગુણ નથી પણ ગુણની પર્યાય છે. પુદ્ગલ દ્રવ્યમાં રંગ નામના ગુણની કાળી હાલત છે તેને કાળો રંગ કહેવાય છે. રંગ તે પુદ્ગલનો અનુજીવી ગુણ છે.

પ્રશ્ન-૫૩ : દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય કઈ રીતે છે ?

ઉત્તર : દ્રવ્યમાં નવી અવસ્થા ઉપજે છે, જૂની અવસ્થાનો નાશ થાય છે અને વસ્તુપણે તે કાયમ ટકી રહે છે—એ રીતે દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે; જેમકે જીવદ્રવ્યમાં સિદ્ધદશાનું ઉત્પન્ન થવું, સંસારદશાનો નાશ થવો અને જીવપણે તેનું ટકી રહેવું—એ જીવદ્રવ્યના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે.

પ્રશ્ન-૫૪ : 'એક પદાર્થ બીજા પદાર્થનું કાંઈ ન કરી શકે'—એ વાત ખરી છે ? કેમ ?

ઉત્તર : હા, એક પદાર્થ બીજા પદાર્થનું કાંઈ ન કરી શકે એ વાત ખરી છે, કેમકે દરેક વસ્તુમાં અગુરુલઘુત્વ નામની શક્તિ રહેલી છે, તેથી કોઈ એક પદાર્થ અન્ય પદાર્થરૂપે પરિણમતો નથી, ને તેનું કાંઈ કરતો નથી. વળી વસ્તુમાં અસ્તિ-નાસ્તિ ધર્મ છે, દરેક વસ્તુ પોતાના સ્વરૂપે છે અને પરના સ્વરૂપે નથી, એટલે કે દરેક વસ્તુ જુદી જુદી સ્વતંત્ર છે. તેથી કોઈ વસ્તુ એક બીજાનું કાંઈ કરી શકતી નથી. દરેક વસ્તુમાં પોતામાં જ પોતાનું કાર્ય કરવાની શક્તિ છે. દ્રવ્યત્વ નામની શક્તિ દરેક પદાર્થમાં છે, તે શક્તિથી દરેક વસ્તુનું કાર્ય સ્વયં પોતપોતાથી જ થયા કરે છે; એક વસ્તુ બીજી વસ્તુનું કાર્ય કરતી નથી.

પ્રશ્ન-૫૫ : 'બધા જીવોને દર્શનપૂર્વક જ જ્ઞાન' (અર્થાત્ પહેલાં દર્શન અને પછી જ્ઞાન) હોય છે' એ વાત બરાબર છે ?

ઉત્તર : ના, બધા જીવોને માટે તેમ નથી. અપૂર્ણ જ્ઞાનવાળા જીવને દર્શનપૂર્વક જ જ્ઞાન હોય છે, પરંતુ જેમને પૂર્ણજ્ઞાન (કેવળજ્ઞાન) પ્રગટી ગયું હોય તેને તો દર્શન અને જ્ઞાન બંને એક સાથે જ હોય છે.

પ્રશ્ન-૫૬ : મુનિરાજ ધ્યાનસ્થ બેઠા છે' આ પ્રસંગે છએ દ્રવ્યની ક્રિયાનું ટૂંક વર્ણન કરો.

ઉત્તર : (૧) ધ્યાનસ્થ મુનિરાજનો આત્મા તે વખતે પરમ આનંદમાં લીન છે. અર્થાત્ તેમને શુદ્ધ જ્ઞાનક્રિયા વર્તે છે, તેમને મોક્ષમાર્ગની ક્રિયા વર્તે છે—આ જીવદ્રવ્યની ક્રિયા (૨) જડ શરીરના પરમાણુઓની ક્રિયા તે વખતે સ્થિર રહેવા લાયક છે, તે પુદ્ગલની ક્રિયા. (૩) અધર્માસ્તિકાય દ્રવ્ય તે જીવ અને પરમાણુઓને સ્થિર રહેવામાં નિમિત્તરૂપ છે. (૪) કાળદ્રવ્ય પરિણમનમાં નિમિત્ત છે. (૫) આકાશ દ્રવ્ય તે જગ્યા આપવામાં નિમિત્ત છે અને (૬) ધર્માસ્તિકાય દ્રવ્યની ત્યાં હાજરી છે પણ જીવમાં ગતિક્રિયા ન હોવાથી તે વખતે ધર્માસ્તિકાય નિમિત્ત નથી.

## (૧૩૧) બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચેના પ્રશ્નોનાં ઉત્તરો છઢાળાની ચોથી ઢાળમાંથી મળશે.)

(૧) ............. સિવાય બીજું કોઈ જગતમાં સુખનું કારણ નથી.

(૨) ........... માં બુદ્ધિ જોડવાથી હિત થાય.

(૩) ............ વડે સુખ મળે અને દુઃખ ટળે.

(૪) કેવળજ્ઞાન અચિંત્ય ........... થી ભરેલું ને મહાન .......... સુખ સહિત છે.

(૫) મતિ-શ્રુતજ્ઞાન ............. વખતે પ્રત્યક્ષ છે.

(૬) સમ્યગ્દર્શન પ્રગટે ત્યારે મતિ-શ્રુતજ્ઞાન ............ છે.

(૭) આત્મા ............હોવાથી તેને જાણવામાં ઈન્દ્રિયનું નિમિત્ત નથી.

(૮) ............. વડે મોક્ષમાર્ગની શરૂઆત થાય છે.

(૯) આ અંધારું છે એમ જે જાણે છે તે ............. છે.

(૧૦) આંખથી દેખાય છે તે ......... જ્ઞાન છે અને આંખ વગર દેખાય તે ........ જ્ઞાન છે.

(૧૧) આત્માનો અનુભવ થતા ........... આનંદરસની ધારા ઉલ્લસે છે.

(૧૨) મહાવીરના આત્માએ ............. ના ભવમાં અને પારસનાથના જીવે .........ના ભવમાં આત્માનો અનુભવ કર્યો હતો.

(૧૩) બધા સાધક જીવોને .......... મતિ શ્રુતજ્ઞાન નિયમથી હોય છે.

(૧૪) ............ અને ......... ભગવંતોને કેવળજ્ઞાન હોય છે.

(૧૫) ............ વડે અંતરાત્મા અને પરમાત્મપણું પ્રાપ્ત થાય છે.

(૧૬) નમો અરિહંતાણંમાં ........... આત્માની પ્રતીતિ આવવી જોઈએ.

(૧૭) .......... અને ........... ભિન્નતાનો અનુભવ કરવો તે કેવળજ્ઞાનનું કારણ છે.

(૧૮) પોતામાં ભેદજ્ઞાન થઈને ........... થયું ત્યારે ...........ની સાચી ઓળખાણ થઈ.

(૧૯) સુખ માટે બીજું કાંઈ શોધમા ............ પ્રગટ કર.

(૨૦) ........... સાધવા માટે મુમુક્ષુનું જીવન છે.

**શ્રી અખિલ ગુજરાત ભગવતી મહિલા મંડળ દ્વારા**
**અધ્યાત્મ અતિશયક્ષેત્ર સોનગઢમાં સાનંદ ઊજવવામાં આવનાર**
**પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો**

# ૧૧૧મો જન્મજયંતી મહોત્સવ

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત, ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની દેવગુરુમહિમા તથા સ્વાનુભૂતિ-માર્ગપ્રકાશિની ઉપકાર-કિરણાવલી આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતી રહે છે. તે ઉપકૃતતાની ભક્તિભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા તેઓશ્રીની ૧૧૧મી જન્મજયંતી આ વર્ષે શ્રી અખિલ ગુજરાત ભગવતી મહિલા મંડળ દ્વારા ઊજવવામાં આવશે. પૂજ્ય બહેનશ્રીની આ ૧૧૧મી જન્મજયંતી (શ્રાવણ વદ ૨)નું આયોજન શ્રાવણ સુદ ૧૩, તા. ૧૭-૮-૨૦૨૪, શનિવારથી શ્રાવણ વદ-૨ તા. ૨૧-૮-૨૦૨૪, બુધવાર—પાંચ દિવસ સુધી શ્રી સમવસરણ વિધાન પૂજા, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમ સહ સંપન્ન થશે. આ અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં સ્વાનુભવ-રસભીનાં કલ્યાણકારી સીડી પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો ધર્મચર્ચા, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, વિવિધ ભજનમંડળીઓ દ્વારા થનાર જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ—ઈત્યાદિ અનેકવિધ કાર્યક્રમોનો પણ સમાગત મુમુક્ષુ મહેમાનોને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. સર્વે સાધર્મીઓને સોનગઢ પધારવા અમારો હાર્દિક અનુરોધ છે.

(નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૨૧-૭-૨૦૨૪, રવિવારના રોજ સોનગઢમાં રાખવામાં આવેલ છે.)

નિમંત્રક :
શ્રી અખિલ ગુજરાત ભગવતી મહિલા મંડળના
જય જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● જ્ઞાન જગતમાં બધા જીવોને સ્વ-અનુભવથી નક્કી છે જ્યારે સ્વાશ્રયી જ્ઞાન વડે અંતર્મુખ જ્ઞાન વડે આત્માને જાણે ત્યારે આત્મા યથાર્થ જાણ્યો કહેવાય. પરલક્ષ્યવાળા જ્ઞાનને તથા અગિયાર અંગના શાસ્ત્રજ્ઞાનને આત્માનું જ્ઞાન કહ્યું નથી. જેનું લક્ષણ (સ્વરૂપ) નક્કી કરવું છે તે સ્વરૂપ આત્માને જ અવલંબીને જાણે તે જ જ્ઞાન છે. નિમિત્ત-રાગ, વ્યવહારને અવલંબીને જાણે તે જ્ઞાન નથી. આચાર્યદેવને પર વસ્તુનું જાણપણું પ્રસિદ્ધ કરવું નથી. જે સ્વલક્ષણરૂપ જ્ઞાન વડે આત્માને જાણે તેની પ્રસિદ્ધિ સમ્યક્ છે. જુઓ, આ રીતે પણ અંતર્મુખ દૃષ્ટિ કરવાની વાત છે. ૬૪૦.

● જે વડે જણાય તે લક્ષણ કહીએ. જ્ઞાન વડે આત્મા જણાય છે, માટે જ્ઞાન વડે આત્મા નક્કી થાય છે. પુણ્ય-પાપાદિ કે શરીર આદિ જ્ઞાન વડે નક્કી કરવા યોગ્ય નથી પણ જ્ઞાન વડે આત્મા નક્કી કરવા યોગ્ય છે. જ્ઞાન લક્ષણ પુણ્ય-પાપનું કે દેવ-ગુરુ-શાસ્ત્રનું નથી. આ જ્ઞાન તો લક્ષ્ય એવા આત્માનું લક્ષણ છે. જ્ઞાન છે ત્યાં તેની સાથે અનંત ગુણો છે. જ્ઞાન જેનું લક્ષણ છે એવું નક્કી કરતા અનંત ગુણવાળો આત્મા નક્કી થાય છે. એ જ સાધ્ય છે. ૬૪૧.

● આત્મામાં જ્યાં એક ગુણ છે ત્યાં જ અનંત ગુણો સાથે રહેલા છે, તેમાં વિભુત્વશક્તિ કારણ છે. અનંત ગુણોમાં લક્ષણભેદ હોવા છતાં પ્રદેશભેદ નથી. અનંત ભાવમાં એક ભાવરૂપ-અનંત ગુણોનો પિંડ તે આત્મા છે. ૬૪૨.

● એક જ્ઞાનને ખ્યાલમાં લેતાં તો તેની સાથે જે અનંત ગુણો છે તે એકીસાથે ખ્યાલમાં આવે છે. તે એકરૂપ આત્મા ખ્યાલમાં આવતાં સમ્યગ્દર્શન થાય છે. તેની સાથે અનંત ગુણો અંશે ખીલ્યા વગર રહે નહિ. ૬૪૩.

● અકર્તૃત્વ જેનો સ્વભાવ છે તે વિકારનો કર્તા થાય તો સાધકપણું પણ બનતું નથી. નિમિત્ત થઈને 'આ કામ કરું' એવી જેને બુદ્ધિ છે તેને સ્વ-ભાવનું કર્તાપણું છોડીને બહારમાં જવું ગમે છે. સ્વભાવમાં ઢળતો આત્મા અકર્તૃત્વ સ્વભાવે થાય છે તે શક્તિ આત્મામાં અનાદિ અનંત છે. ૬૪૪.

● આત્માની અરુચિવાળા ઘણા લોકો એમ કહે છે કે, આવી ભંગજાળમાં પડવું રહેવા દો, આપણે તો આત્માનું કલ્યાણ કરો. એ એક જ વાત રાખો તો કહે છે કે તેનામાં વ્યવહારે પણ પાત્રતા નથી. ૬૪૫.

૩૬

આત્મધર્મ

જુલાઈ-૨૦૨૪

અંક-૧૧ ● વર્ષ-૧૮

Posted at Songadh PO
Publish on 1-07-2024
Posted on 1-07-2024

Registered Regn. No. BVR-367/2024-2026
Renewed upto 31-12-2026
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-






Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.



If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org